હરિ ૐ આશ્રમ પ્રેરિત
શ્રી આનંદશંકર બાપુભાઈ ધ્રુવ સ્મારક
સર્વધર્મદર્શન પ્રકાશન ટ્રસ્ટ અંતર્ગત સંત શ્રેણી-૧૨

તુકારામ

ડો. ઉમા દેશપાંડે

સરદાર પટેલ યુનિવર્સિટી
વલ્લભ વિદ્યાનગર-૩૮૮ ૧૨૦

હરિ ૐ આશ્રમ પ્રેરિત
શ્રી આનંદશંકર બાપુભાઈ ધ્રુવ સ્મારક
સર્વધર્મદર્શન પ્રકાશન ટ્રસ્ટ અંતર્ગત સંત શ્રેણી-૧૨

તુકારામ

ડો. ઉમા દેશપાંડે

સરદાર પટેલ યુનિવર્સિટી
વલ્લભ વિદ્યાનગર-૩૮૮ ૧૨૦

Tukaram
by Uma Deshpande

સંસ્કરણ	:	પ્રથમ માર્ચ ૧૯૯૭
નકલ	:	૭૫૦
મૂલ્ય	:	રૂા. ૪૦
©	:	સરદાર પટેલ યુનિવર્સિટી
યોજના દાન	:	હરિ ૐ આશ્રમ, નડીયાદ
પ્રાપ્તિસ્થાન	:	ગુર્જરગ્રંથરત્ન કાર્યાલય, રતન પોળ નાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૧
પ્રકાશક	:	કનુભાઈ એમ. પટેલ કુલસચિવ સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર-૩૮૮ ૧૨૦
મુદ્રક	:	ગ્રામોદ્ધાર મુદ્રણાલય વલ્લભ વિદ્યાનગર-૩૮૮ ૧૨૦

આમુખ

આપણા જીવનમાં આત્મબોધનો પ્રકાશ પાથરતા અને પોતાના સદાચરણથી આપણને પરકલ્યાણ કરવાને માટે પ્રેરણા આપતા અનેક સંત સજ્જનો ભારતભૂમિના વિવિધ પ્રદેશોમાં લોકપ્રિય થયા. આવી ભારતીય સંતોની ઉન્નત પરંપરામાં 'તુકારામ' નું નામ તથા સ્થાન અવિસ્મરણીય છે. સામાન્ય કણબી કુટુંબમાં જન્મેલા આ ખેડૂત વેપારીએ પ્રભુભક્તિથી તથા સ્નેહસભર વ્યવહારથી જનસમાજમાં ધર્મ, મૂલ્યનિષ્ઠા અને સદાચાર પ્રસરાવ્યા. નરસિંહ મહેતાની જેમ તુકારામના પદો આજે પણ લોકો પ્રેમથી ગાય છે, અને સદ્જીવનની પ્રેરણા પામે છે.

જગતનાં જુદા જુદા દર્શનો અને ધર્મોનો પરિચય આપણને સહુને મળી રહે એ આશયથી હરિઃઓમ આશ્રમના પૂજ્યશ્રી મોટાએ સરદાર પટેલ યુનિવર્સિટીને રૂપિયા બે લાખની રકમનું દાન આપ્યું હતું. એમની ભાવનાનુસાર તેમાંથી "આનંદશંકર બાપુભાઈ ધ્રુવ સ્મારક સર્વધર્મદર્શન પ્રકાશન ટ્રસ્ટ" ની સ્થાપના કરવામાં આવી હતી.

આ યોજનામાં વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના સંસ્કૃત, પાલિ, પ્રાકૃત, વિભાગના અધ્યક્ષા પ્રા. ડૉ. ઉમાબેન દેશપાંડેને તુકારામ વિશે ગ્રંથ લખી આપવા નિમંત્રણ આપવામાં આવ્યું હતું. એ ગ્રંથ તૈયાર થતા હવે પ્રકાશિત થાય છે એ આનંદની વાત છે.

આવા સદ્કાર્યો માટે સરદાર પટેલ યુનિવર્સિટીને આર્થિક સહાયતા કરવા બદલ હરિઃઓમ આશ્રમ અને પૂજ્ય શ્રી મોટાની પ્રેરણા માટે અમે ઋણી છીએ. પ્રા. ડૉ. ઉમાબેન દેશપાંડેએ આ ગ્રંથ તૈયાર કરી આપ્યો એ બદલ અમે એમના આભારી છીએ.

વલ્લભ વિદ્યાનગર
૧૫-૩-૧૯૯૭

ડૉ. વિઠ્ઠલભાઈ પટેલ
કુલપતિ

પ્રસ્તાવના

પોતાની સન્નિષ્ઠ ઈશ્વરભક્તિ, પરોપકારવૃત્તિ તેમજ અનુભૂતિજન્ય અભંગવાણીથી સંત તુકારામે ભારતભૂમિને ગૌરવાન્વિત કરી છે

મહારાષ્ટ્રના દેહૂગામમાં સામાન્ય ખેડૂત પરિવારમાં લગભગ સાડા ત્રણસો વર્ષ પહેલા જન્મેલા આ સંત કવિની કવિતા આજે પણ ઘણા લોકો સહજ રીતે, પ્રેમથી ગણગણે છે.

પ્રસ્તુત પુસ્તકમાં તુકારામના જીવન તથા કવનનો સંક્ષેપમાં પરિચયાત્મક આસ્વાદ કરાવવાનો મેં પ્રયત્ન કર્યો છે.

વલ્લભ વિદ્યાનગર સ્થિત સરદાર પટેલ વિશ્વવિદ્યાલયના પ્રકાશન અધિકારી શ્રીએ આ પુસ્તક લખવાની સુંદર તક આપી તે માટે હું તેમનો હૃદયપૂર્વક આભાર માનું છું.

ગુજરાતી ભાષા તથા વ્યાકરણની દૃષ્ટિએ સુધારા વધારા સૂચવીને સદર લેખનને પરિશુદ્ધ કરનાર સુહૃદવર્ય પ્રા. ડૉ. દેવદત્તભાઈ જોષીનો હું શતશઃ આભાર માનું છું.

પ્રસંગાનુરૂપ અભંગવાણીનાં આપેલાં અવતરણો તત્કાલીન મુંબઈ સરકારશ્રીએ ઈ. સ. ૧૯૫૫ માં પ્રકાશિત કરેલા "તુકારામબાવાંચ્યા અભંગાચી ગાથા" પુસ્તકમાંથી લીધેલા છે. અભંગોનો અનુક્રમ પણ તે પુસ્તકમાંના અભંગક્રમ પ્રમાણે છે.

પુસ્તકમાં અવતરિત કરેલા મોટા ભાગના અભંગોનું ભાષાંતર મેં કરેલું છે પણ કેટલાક અભંગોનો ગુજરાતી અનુવાદ શ્રી મુકુલભાઈ કલાર્થી સંપાદિત "સંત તુકારામની વાણી" નામના પુસ્તકમાંથી આપેલો છે.

આ પુસ્તકના લેખનમાં પરોક્ષ અને અપરોક્ષ રીતે મને મદદ કરનાર તમામ રસિકોનો હું સાદર આભાર માનું છું.

તા. ૩૦-૬-'૯૬

ઉમા દેશપાંડે
"ઈશાવાસ્યમ્"
૫, મંગલવાડી સોસાયટી, ૨. વ. દેસાઈ માર્ગ,
વડોદરા-૩૯૦ ૦૦૧

સલાહકાર સમિતિ

૧. ડૉ. વિઠ્ઠલભાઇ એસ. પટેલ - કુલપતિ

૨. કાંધર વાલેસ

૩. પ્રા. બી. આર. સાકરિયા

૪. પ્રા. ડૉ. જયંત ગાહિત

૫. શ્રી યશવંત શુકલ

૬. ડૉ. રમણલાલ શાહ

૭. શ્રી ભોળાભાઇ પટેલ

૮. શ્રી જે. જે. દેસાઇ

૯. શ્રી સી. એલ. પટેલ

૧૦. ડૉ. મહેબૂબ દેસાઇ

અનુક્રમણિકા

૧.	તુકારામનું સાંસારિક જીવન	૧
૨.	તુકારામની આધ્યાત્મિક સાધના	૮
૩.	અભંગવાણી	૧૬
૪.	કેટલાક ઉદ્‌બોધક પ્રસંગો	૨૬
૫.	પ્રેરક પ્રબોધન	૩૬
૬.	ભક્તિની શક્તિ	૪૪
૭.	તુકારામનું મહાનિર્વાણ	૫૦
૮.	તુકારામ-માનવપ્રેમી સંતકવિ	૫૫

મારાં વહાલા બાળકો

ચિ. હર્ષદા અને ચિ. દેવેનને

વહાલભરી અક્ષરભેટ

૧. તુકારામનું સાંસારિક જીવન

ભારત દેશમાં બે વૈષ્ણવો પોતાના અનુપમ વિચાર, આદર્શ વ્યવહાર અને લોકોપયોગી સત્કાર્યથી અજરામર થઇ ગયા. એક મહારાષ્ટ્રના સંત તુકારામ અને બીજા ગુજરાતના મહાત્મા ગાંધીજી.

અનેક વિદ્વાનોના મત પ્રમાણે તુકારામનો જન્મ ઇન્દ્રાયણી નદીના કિનારે વસેલા દેહૂ ગામમાં ઇ. સ. ૧૫૯૮ માં કણબી જ્ઞાતિમાં થયો. એમનો વંશ- "મોરે, "અટક-આંબિલે" અને વ્યવસાય વાણિજ્યનો જેમાં ખેતી, પશુપાલન, શાહુકારી અને વેપારધંધાનો પણ સમાવેશ ખરો.

"શુચીનાં શ્રીમતાં ગેહે યોગભ્રષ્ટોઽભિજાયતે"

ગીતા-૬-૪૧

આ ગીતોક્તિ પ્રમાણે દેહૂગામના અત્યંત પ્રતિષ્ઠિત કુળમાં તુકારામનો જન્મ થયો હતો. વર્ષોથી ગામની મહાજનવૃત્તિની સાથે પંઢરપુરના ભગવાન પાંડુરંગની ઉપાસના એમના કુટુંબમાં પ્રચલિત હતી. એમના પૂર્વજોમાંના આઠમી પેઢીના વિશ્વંભરબાબાએ પંઢરપુરની વારીનું (દર વર્ષે પંઢરપુરના પાંડુરંગ વિઠોબાના દર્શન માટે જવું) કુલવ્રત આજીવન ચલાવ્યું. એમના વંશજોએ પણ તે વ્રતને અવિચ્છિન્ન રીતે આગળ ધપાવ્યું.

તુકારામના પિતા બોલ્હોબા અને માતા કનકાઇ બન્ને ભગવાન પાંડુરંગના અનન્ય ભકત હતાં. બોલ્હોબાએ દેહૂગામમાં મંદિર બંધાવીને શ્રી વિઠ્ઠલ ભગવાનની વિધિપૂર્વક પ્રતિષ્ઠાપના કરી હતી. એટલે જ પોતાના અભંગમાં તુકોબા કહે છે :

ધન્ય દેહૂગાવ પૂણ્યભૂમિ ઠાવ ।
તેથે નાંદે દેવ પાંડુરંગ ॥ ૭૯ ॥

(દેહૂ નામનું ગામ ધન્ય પુણ્યભૂમિ છે કારણ ત્યાં ભગવાન પાંડુરંગ પધારેલા છે)

આ દંપતીએ ત્રણ પુત્રોને જન્મ આપ્યો; મોટો સાવજી, વચેટ તુકારામ અને નાનો કાન્હોબા. કણબી જ્ઞાતિની ઇષ્ટદેવી તુકાઇ - તુળજાપુરની દેવી છે. તેના શુભ નામ પરથી વચલા પુત્રનું નામ "તુકારામ" રાખવામાં આવ્યું.

પોતાની જ્ઞાતિ નૃત્ય તુકારામને અભિમાન હતું, બલ્કે તેઓ માનતા કે ઉચ્ચ વર્ણના કુળમાં પોતાનો જન્મ ન થયો તે સારું જ થયું નહિ તો દાંભિક વૃત્તિથી એમનો વિનાશ થયો હોત. તેમના શબ્દોમાં :

બરાં કુણબી કેલો, નાહીતરીદંભેચિ અસતો મેલો ॥ ૩૨૦ ॥

(ભગવાને મને કણબી જ્ઞાતિમાં જન્મ આપ્યો તે સારું જ કર્યું., નહિ તો ઉચ્ચ જ્ઞાતિમાં જન્મીને દંભદોષથી હું મરી ગયો હોત)

નાનપણમાં તુકારામ જાતજાતની ખેલકૂદ અને ક્રીડા રમતોમાં કુશળ હતા. દા.ત. હુતુતૂ, ગિલ્લીદંડો, ટિપરી, દડો, ફેરફુરદડી ઈ. એટલે જ પોતાના અભંગોમાં બાળકૃષ્ણની અનેક રમતોનું એમણે રસપ્રદ વર્ણન કર્યું છે.

શિક્ષણ અને કેળવણી :

વિશ્વી વિશ્વંભર, બોલે વેદાંતીચા સાર જગી જગદીશ, શાસ્ત્રે વદતી સાવકાશ વ્યાપિલે હે નારાયણે ઐસી ગર્જતી પુરાણે જની જનાર્દન, સંત બોલતી વચન ॥ ૩૭૪૭ ॥

આ અભંગોમાં તુકારામે ભારતીય દર્શન સાહિત્યના વિશાળ સમયપટને ચાર પ્રમુખ વિભાગોમાં વિભાજિત કર્યો છે. (૧) વૈદિક સાહિત્ય (૨) શાસ્ત્ર અથવા છ દર્શનોનું વાઙ્મય (૩) પુરાણ સાહિત્ય અને (૪) સંત મહંતોનું ભક્તિસભર લેખન.

આ સમગ્ર સાહિત્યનું ખાસ કરીને મહારાષ્ટ્રના ખ્યાતનામ, અગ્રગણ્ય સંતોના ગ્રંથોનું તુકોબાએ તલસ્પર્શી અધ્યયન અને મનન કર્યું હશે એવું પ્રતીત થાય છે. તેમની અભંગવાણીમાં વૈદિક સંહિતા, ઉપનિષદ, ભગવદ્ગીતા, વિષ્ણુસહસ્રનામ, યોગવાસિષ્ઠ, ભાગવતપુરાણ, આદ્ય શંકરાચાર્યનાં કેટલાંક સ્તોત્રો, ભર્તૃહરિના નીતિ અને વૈરાગ્ય શતક જેવા પરમાર્થપ્રેરક વાઙમયનો તત્ત્વ વિચાર પ્રતિબિંબિત થયેલો જોવા મળે છે. સંત જ્ઞાનદેવલિખિત જ્ઞાનેશ્વરી; એકનાથ મહારાજનું ભાવાર્થ રામાયણ, ભકતવર નામદેવના અભંગો, સંતકવિ કબીરના દોહરાઓનો પણ તુકારામે સવિશેષ અભ્યાસ કર્યો હોય તેમ જણાય છે.

તેમના માતા-પિતા વિઠ્ઠલભક્ત હોવાથી ઘરમાં ભાવમધુર વાતાવરણ હતું જ. તેથી વડીલો વડે ગવાતી પ્રાર્થનાઓ, ધાર્મિક ઉત્સવ તેમજ કથાકીર્તનોમાં ગવાતાં ભક્તિગીતોની તુકારામના બાલમાનસ પર ઘેરી અસર થઈ હતી.

ગૃહસ્થ જીવન : પ્રેમાળ માબાપની છત્રછાયામાં તુકારામના જીવનનાં પહેલાં

તેર વર્ષો મોજમજામાં, સરસ રીતે પસાર થયાં.

તુકોબાનું પહેલું લગ્ન તેમના બારમા વર્ષે રખુમાબાઇ સાથે થયું. પણ તેણીને દમનો અસાધ્ય રોગ થયેલો હોવાથી, તુકારામના પિતાજીએ તુકોબાનું બીજું લગ્ન પુણેના આપ્પાજી ગુળવે નામના ધનિક શાહુકારની દીકરી જિજાબાઇ-આવલી (આવડી) સાથે કરાવ્યું.

તુકારામનો ગૃહસંસાર વ્યવસ્થિત ચાલતો હતો. યથાવકાશ તેમને સંતાનપ્રાપ્તિ થઇ. પહેલી પત્ની રખુમાબાઇએ પુત્ર સંતાજીને જન્મ આપ્યો. મહાદેવ, વિઠોબા અને નારાયણ આ ત્રણ દીકરાઓની જન્મદાત્રી હતી તુકારામની બીજી પત્ની જિજાબાઇ.

પોતાના માબાપ તથા ભાઇઓ પ્રત્યે પણ તુકારામને ઘણી આત્મીયતા અને મમતા હતી. ઘરમાં સહુ હળીમળીને આનંદમાં રહેતાં હતાં. ખેતી, પશુપાલન અને વેપારધંધામાં પણ સારો પૈસો મળતો હતો. ગામના શાહુકાર તરીકે તુકારામ ગરીબ લોકોને આર્થિક મદદ કરતા, ઉછીનું દ્રવ્ય આપતા. વેપારીઓ પર દેખરેખ રાખીને કરવસુલાત પણ કરતા હતાં.

આમ ગૃહસ્થધર્મનું સુપેરે પાલન કરીને પોતાનો વ્યવસાય નેકીથી તથા હોંશિયારીથી સંભાળીને તુકારામે પોતાના કુટુંબમાં સહુને માટે સ્નેહવૃત્તિની આર્દ્રતા, સંપત્તિની સમૃદ્ધિ તેમજ સુખાકારીની પ્રસન્નતા લાવવાનો રાતદિવસ પ્રયત્ન આદર્યો હતો.

તુકારામને થતું હતું કે આમ તેમનો સંસારરથ સારી રીતે આગળ ધપશે, પ્રગતિ કરશે. આર્થિક સ્થિતિ વધુને વધુ મજબૂત થશે, તેમજ તેમનું કુટુંબ સમુન્નતિ સાધી શકશે.

પણ સર્વનિયંત્રક વિધાતાને એ મંજૂર નહોતું.

જિજાબાઇ સાથેના તુકારામના લગ્ન પછી ત્રણ ચાર વર્ષમાંજ એમના માતાપિતાનું અવસાન થયું. અને એજ અરસામાં ગામમાં વરસાદ ન પડતાં કારમો દુકાળ પડયો. સમગ્ર દેહૂગામના ઘરઘરમાં દરિદ્રતાની ભીષણ આપત્તિ છવાયેલી હોવાથી આબાલ-વૃદ્ધ સહુ કોઇ અનાજપાણી માટે વલખાં મારતાં હતાં. ખોરાકપાણી વગર તડફડતા અને ભૂખમરાથી શરીર છોડતા આજુબાજુના સેકડો લોકોને જોઇને તુકારામનું દિલ દ્રવી ઊઠતું હતું. પણ પોતાને જ હવે તૂટ પડતી હતી ત્યાં તે કેટલાને મદદ કરી શકે ? અકિંચન હોવાથી તેમને ઇચ્છા હોવા છતાં તેઓ કોઇને કશી મદદ કરી શકતા નહતા.

દુકાળને લીધે વેપારીઓ અને ખેડૂતો વસુલાતના નાણાં તુકારામને આપી શકતા ન હતા. તેમની આવક ઘટતી ગઈ. ખેતરમાં કંઈ અનાજ પાકયું નહોતું. ઘાસચારો ન મળવાથી તુકારામના ચાર બળદ પણ મરી ગયા.

ત્રણ ગુણો ભરીને કોંકણપ્રદેશમાં તેઓ મરચાં વેચવા ગયા તો ત્યાં પણ લોકોએ તેમને પૂરતા પૈસા આપ્યા નહિ. ત્યાંથી ઘેર પાછા ફરતા હતા ત્યારે રસ્તામાં એક ધૂતારાએ સોનાના ગીલેટવાળાં પિત્તળનાં કડાં અસલ સોનાના ભાવથી તુકારામને વેચ્યાં. ગામમાં આવ્યા પછી સોનીને બતાવ્યાં તો ખબર પડી કે સોદામાં તેઓ છેતરાઈ ગયા હતાં. માલ પણ ગયો અને પૈસા પણ ગયા. દયનીય તેમજ કપરી અવસ્થામાં તુકારામ સપડાયા.

ચારેક વર્ષ પહેલાં એમનાં માબાપ ગુજરી ગયાં હતાં. મોટાભાઈ સાવજી તેમની પત્નીનું મરણ થતાં સંસારથી કંટાળીને ઘરબાર છોડી તીર્થયાત્રા કરવા નીકળી ગયા. અન્નના અભાવથી અને રોગપીડાથી તુકારામની પહેલી પત્ની રખુમાબાઈ તેમજ તેનો પુત્ર સંતોબા જોતજોતામાં પરલોકવાસી થયાં. મહાજનવૃત્તિ ચાલતી ન હતી. ખેતરમાં અનાજ નહોતું. વેપારધંધામાં પણ દેવાળું થયું હતું. એકાદ મૂઠી અનાજ માટે તુકારામ ઘરે ઘરે જઈને યાચના કરતા, પણ ગામમાં બધે જ દુષ્કાળના દૈત્યનું સામ્રાજ્ય ફેલાયેલું હોવાથી એમને કયાંય અનાજ કે ભોજન મળતું ન હતું. તુકારામના કુટુંબીઓને બે ચાર દિવસમાં એકાદ વખત થોડાં શાકભાજી ખાવા મળતાં. તેમનાં બાળકો ખોરાકપાણી માટે આક્રોશ કરતાં. પરિસ્થિતિ અસહ્ય થતાં જિજાબાઈ તુકારામને મર્મભેદક મહેણાંટોણાં મારતી, એમનો તિરસ્કાર કરતી. દેવાદાર તેમજ દરિદ્રી તુકારામના ઘરે શાહુકારો રોજ રોજ આવીને એમણે લીધેલા ઉધાર પૈસા માટે તગાદો કરતા.

ઘરમાં પત્ની દ્વારા થતી નફરત, વેપાર ધંધામાં થતી છેતરામણી અને લોકસમાજમાં થતી અપમાનજનક દુર્દશાને લીધે તુકારામ દુઃખવ્યાકુળ અને હતાશ થઈ ગયા. ગૃહસ્થ, પિતા કે પતિ તરીકે પોતે પોતાની ફરજ બજાવી શકતા ન હોવાથી તુકારામનું સંવેદનશીલ મન શરમ સાથે વિષાદની ઊંડી ગર્તામાં અટવાઈ ગયું.

તેઓ કહેવા લાગ્યા :

દુષ્કાળે આટિલે દ્રવ્યે નેલા માન, સ્ત્રી એકી અન્ન કરિતા મેલી ॥
લજ્જા વાટે જીવા ત્રાસલો યા દુઃખે, વેવસાય દેખે તુટી યેતા ॥ ૧૧૩૩ ॥

(દુકાળમાં સંપત્તિ ઘટી ગઈ, તેથી સમાજમાં પ્રતિષ્ઠા પણ જતી રહી. અન્ન અન્ન

કરતાં મારી પત્ની ગુજરી ગઇ. બધી વિપત્તિથી હું ત્રાસી ગયો છું. વેપારમાં પણ ખોટ જવાથી મને શરમ આવે છે).

વિવિધ પ્રકારના વિપરીત પ્રસંગોનો સતત સામનો કરવો પડતો, તેથી તુકારામ કહેતાઃ

રાત્રી દિવસ આહમા યુદ્ધાચા પ્રસંગ
અંતર્બાહ્ય જગ આણિ મન ॥ ૪૦૯૧ ॥

(અંદરની તથા બહારની દુનિયા અને વૃત્તિઓ સાથે રાતદિવસ અમારે ઝગડો કરવો પડે છે.)

સુખસમૃદ્ધિના સમયમાં તુકોબાએ અનેક લોકોને મદદ કરી હતી. પત્ની તથા છોકરાઓને લાડ લડાવ્યાં હતાં. પણ જ્યારે તેમની આર્થિક સ્થિતિ કથળી ગઇ ત્યારે સહુ કોઇ એમને ત્યજવા લાગ્યાં. એમની પત્નીનો પણ સાથ-સહકાર મળ્યો નહિ.

ગૃહસંસારનું આવું વરવું સ્વરૂપ અનુભવીને તુકારામ દુઃખસંતપ્ત થયા. ભવસાગર પાર કરવો એ અત્યંત મુશ્કેલ છે તેવી પ્રતીતિ એમને આવવા લાગી. ઘરનું કે બહારનું કોઇ પણ માણસ સારા નરસા પ્રસંગોમાં છેવટ સુધી આપણને સાથ આપતું નથી એ સત્યથી તેઓ સંપૂર્ણ સભાન થયા, કહેવા લાગ્યા :

બરે જાલીયાચે અવધે સાંગાતી, વાઇટાચે અંતી કોણી નાહી
નોહે માતાપિતા નોહે કાંતાસુત, ઇતરાંચી માત કાય સાંગો ॥ ૪૪૫૩ ॥

(સુખના સમયે માણસને સહુ સાથ આપે છે. પણ ખરાબ દિવસોમાં તેની સાથે કોઇ હોતું નથી. નહિ માબાપ કે પત્ની કે સંતાન, તો બીજાની તો વાત જ શી કરવી ?)

પણ મુસીબતોની વણઝારથી નાસીપાસ ન થતાં તુકારામ વધુને વધુ અંતર્મુખ થવા લાગ્યા, આત્મખોજ કરવા લાગ્યા. નશ્વર સંસાર પ્રત્યેની તેમની આસક્તિ ધીમે ધીમે ઓછી થવા લાગી. એકાંતમાં બેસીને માનવ-જીવનનાં શાશ્વત અને કલ્યાણમય મૂલ્યોનો જેમ જેમ ગંભીરતાથી તેઓ વિચાર કરવા લાગ્યા તેમ તેમ સર્વનિયંત્રક પરમેશ્વર પ્રત્યેની એમની શ્રદ્ધા વધવા લાગી. વિરક્તિનું મહત્ત્વ અને ઈશ્વરભક્તિનું માધુર્ય અનુભવવાનું અનોખું સદ્‌ભાગ્ય તુકોબાને પ્રાપ્ત થતું ગયું. પંઢરીનાથ ભગવાન પાંડુરંગનું મનન અને ચિંતન કરવાનું જ એમને સવિશેષ ગમવા લાગ્યું. પોતાના ઘરસંસારની જવાબદારીઓનો

તેમણે તદ્દન ત્યાગ તો ન કર્યો. પણ દુન્યવી વસ્તુ પ્રત્યેની આસક્તિ તથા ચિંતાની માત્રા ઓછી કરી. સચ્ચિદાનંદ ઈશ્વરના નિરંતર ધ્યાનસ્મરણથી એમનું મન સ્થિર અને શાંત થવા લાગ્યું. એમને થયું કે પોતાના જીવનમાં સ્વજનોનું અકાળે મરણ, અવર્ષણ તથા અપમાનની વિપત્તિઓ આવી તે સારું જ થયું તેથી આપ્તજનોની વૃત્તિનું અને લોકસમાજનું સાચું સ્વરૂપ જોવા મળ્યું. પોતે મોહમાયામાંથી મુકત થતા ગયા તેમજ પરમેશ્વરની સુખમય સોબત માણતા ગયા.

એટલે ભગવાનનો પાડ માંનતા તેઓ કહેવા લાગ્યા :

બરે જાલે દેવા નિઘાલે દિવાળે
બરી યા દુષ્કાળે પીડા કેલી ॥
બરે જાલે દેવા બાઇલ કર્કશા
બરી હે દુર્દશા જનામધ્યે ॥
બરે જાલે જગીં પાવલો અપમાના
બરે ગેલે ધન ઢોરે ગુરે ॥
બરે જાલે નાહી ધરિલી લોકલાજ
બરા આલો તુજ શરણ દેવા ॥ ૧૩૩૫ ॥

(વેપાર ધંધામાં દેવાળું નીકળ્યું, દુકાળને લીધે ત્રાસ થયો, પત્ની કઠોર વેણ બોલી અને સમાજે મારી ઉપેક્ષા કરી તે સારું જ થયું. સંપત્તિ, ઢોરઢાંખર નષ્ટ થયાં તે ઠીક થયું. લોકોની શરમ ન રાખતા, હે પ્રભો તારે શરણે આવ્યો તેજ કલ્યાણકારી થયું).

પણ લોકસમાજ પ્રત્યે નફરત કે તિરસ્કારની ભાવના ન રહેતાં તુકોબાને દુઃખી, સંકટગ્રસ્ત વ્યક્તિ માટે દયા તેમજ સહાનુભૂતિ થવા લાગી.

થોડા વખત પછી સારો વરસાદ થવાથી દુકાળની સ્થિતિનો જ્યારે અંત આવ્યો ત્યારે ઈશ્વરનિષ્ઠ તુકારામે ત્રણ ક્રાંતિકારી નિર્ણયો લીધા :

(૧) હવે પછી કયારેય પોતાના ઘરમાં અનાજનો સંગ્રહ કરવો નહિ. આવશ્યકતાનુસાર રોજેરોજનું અનાજ બજારમાંથી લઈ આવવું.

(૨) પોતાના પાસે કોઈ ખતપત્રો કે દસ્તાવેજો રાખવા નહિ. તે પ્રમાણે પોતાના ભાગનાં જે ખતપત્રો, દસ્તાવેજો અને વસુલીપત્રકો હતાં તે બધા જ તુકોબાએ ઈન્દ્રાયણી નદીમાં પધરાવી દીધાં.

(૩) દુઃખમૂલક સંસાર પ્રત્યેની મમતા તથા દિલચસ્પી ઓછી કરીને સર્વવ્યાપક

આનંદમય ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધા મજબૂત કરવી. પ્રેય કરતાં શ્રેયને વધુ મહત્ત્વ આપવું. ગૃહસ્થ પિતા અને પતિ તરીકેની જવાબદારીઓ સંભાળીને, ખેતી વેપારમાં આવશ્યક તેટલું જ ધ્યાન આપીને વધારે સમય કથાકીર્તન દ્વારા જનતા-જનાર્દનની સેવા કરવી.

નિરંતર ચિંતનમાંથી ઉદ્‌ભવેલા સદ્વિચારો અનુસાર સંસારમાં પ્રત્યક્ષ સદાચરણ કરવા માટે તુકારામે યુવાનીમાંજ પ્રારંભ કર્યો.

આમ યુવાનીમાં સાંસારિક સુખો તરફ અનાસક્તિ કેળવી એમણે પ્રભુકીર્તન તરફ મન વાળવા માંડયું.

તુકારામનું વંશવૃક્ષ



૨. તુકારામની આધ્યાત્મિક સાધના

દુન્યવી વિપત્તિઓનો હિંમતપૂર્વક સામનો કરીને તુકારામે પોતાનું મજબૂત મનોબળ સાચવી રાખ્યું. સંસારવ્યવહારમાં નરી નિષ્ફળતા મળી, ઘરમાં તથા સમાજમાં આઘાતજનક માનહાનિ સહન કરવી પડી છતાં તુકારામે પલાયનવૃત્તિનો સહારો ન લીધો. સ્ત્રી બાળકોને છોડી ન દીધાં. પણ પોતાનું આંતરિક જીવન સુધારવાનો તેમજ આધ્યાત્મિક સાધનામાં આગળ વધવાનો દૃઢ સંકલ્પ કર્યો.

હવે ભગવાન સિવાય કોઇ સાથે કાયમનો સ્નેહબંધ રાખવો નહીં અને સંસારના સંમોહક માયાપાશમાંથી કામ, ક્રોધ જેવા વિકારોની પકડમાંથી પોતાનો છૂટકારો કરવાના નિશ્ચયથી તેઓ ભગવાન પાંડુરંગની ઉપાસના કરવા લાગ્યા.

દેહૂ ગામમાં તેમના પિતાશ્રીએ બાંધેલું વિઠ્ઠલ ભગવાનનું મંદિર અત્યંત જીર્ણ થયું હતું. એટલે તુકારામે જાતે તેનું સમારકામ કરીને મંદિર નવેસરથી બાંધ્યું. મંદિરમાં દરેક અગિયારસના દિવસે તેઓ ભગવાનનું ભજન-કીર્તન કરવા લાગ્યા. શરીરથી પોતાનું કર્તવ્યકર્મ કરવું, મનથી સંતોના ભક્તિસભર ગ્રંથોનું પરિશીલન કરવું તેમજ આત્મબુદ્ધિથી પરમાત્માનું નિરંતર અનુસંધાન રાખવું એજ તુકારામનો જાણે હવે જીવનક્રમ થઇ ગયો હતો.

ગામ પાસેના ભામનાથ (ભંડારા) ડુંગર પર એકલા જ બેસીને તેઓ આત્મચિંતન કરવા લાગ્યા. ભગવદ્‌ગીતા, ભાગવતપુરાણ જેવા સંસ્કૃત ગ્રંથો સાથેજ, જ્ઞાનેશ્વરી, ભાવાર્થરામાયણ તથા સંત નામદેવના અભંગપદોનું તલસ્પર્શી અધ્યયન તુકોબાએ શરૂ કર્યું. સાથે જ સંતોનો સદ્‌બોધ પોતાના જીવનમાં ઉતારવાનો તેમણે પ્રારંભ કર્યો. પરિણામે તેઓનો સ્વભાવ ધીમે ધીમે સૌજન્યશીલ, વિનમ્ર અને પરોપકારી થતો ગયો.

જાતજાતના સાંસારિક અનુભવથી તુકોબાને ખાત્રી થઇ હતી કે માનવીજીવનમાં સુખની તુલનામાં યાતનામય દુઃખનું પ્રમાણ દશગણું છે. ઘડપણ અને મરણનો ભય માનવીને કોરી ખાય છે. સુખસમૃદ્ધિમાં સાથે રહેનાર આપ્તજન પણ માણસના અંત સમયે પારકું, પરાયું થાય છે.

સુખ પાહતાં જવા પાડે, દુઃખ પર્વતા એવઢેં ॥ ૮૮ ॥

(સુખ જોવા જઈએ તો જવ જેટલું (નગણ્ય) છે, પણ દુઃખ પર્વત જેવું મોટું છે.)

કારણ

જન સુખાચે દિલ્યા ઘેતલ્યાચે
અંત હે કાળીચે નાહી કોણી ॥ ૨૯૬૬ ॥

(સુખ સમૃદ્ધિમાં, લેવડદેવડના વ્યવહારમાં લોકો સહભાગી થાય છે, પણ માણસના અંતકાળે કોઈ એના પાસે ફરકતું નથી.)

એટલે જ

તરીચ જન્મા યાવે, દાસ વિઠ્ઠલાચે વ્હાવે,
નાહી તરી કાય થોડી, શ્વાન શૂકરે બાપુડી ॥ ૨૪૯૮ ॥

(માનવી તરીકે જન્મ મળતાં માણસે ભગવાન વિઠ્ઠલનું શરણું લેવું જોઈએ. નહિ તો બિચારા કૂતરાં, સૂવર જેવા પ્રાણીઓ કઈ ઓછાં છે ?)

પોતાના અંતરની અભીપ્સા વ્યકત કરતાં તુકોબા કહે છે :

માઝયા મના લાગો ચાળા, પહાવયા વિઠ્ઠલ ડોળાં
આણિક નાહી ચાડ, ન લગે સંસાર હા ગોડ ॥ ૨૯૬૩ ॥

(કેવળ વિઠ્ઠલ ભગવાનનું દર્શન કરવામાંજ મારા મનને લગની લાગે, હવે બીજી કોઈ ઇચ્છા નથી, આ ગૃહસંસાર મને ખારો લાગે છે.)

તુકા મ્હણે તૂચિ જીવાંચે જીવન
માઝેં સમાધાન તુઝે હાતી ॥ ૩૯૩૧ ॥

(સહુ પ્રાણીઓને જીવન આપનાર હે પ્રભો મારા મનનું સમાધાન કરવું તારા હાથમાં છે).

ઘરમાં, મંદિરમાં, ડુંગર પર કે રસ્તે ચાલતાં ચાલતાં પણ તુકારામ ભગવાનનું નામસ્મરણ કરવા લાગ્યા. સુદીર્ઘ સમય સુધી ભગવાન વિઠોબાનું સંપૂર્ણ ભક્તિભાવથી ભજન કીર્તન અને પૂજન કરતા તુકારામને ઈશ્વરના સચ્ચિદાનંદ સ્વરૂપનું પ્રત્યક્ષ દર્શન કરવાની તીવ્ર અભીપ્સા જાગ્રત થઈ.

અંતરની વ્યાકુળતાથી તેઓ પંઢરીનાથ પાંડુરંગની વાટ જોવા લાગ્યા, તેને પોકારવા લાગ્યા :

કાય પાંડુરંગ કરુ બા વિચાર, ઝુરતે અંતર ભેટાવયા ॥ ૪૨૮૫ ॥
ભેટી લાગી જીવા લાગલીસે આસ, પાહે રાત્રીં દિવસ વાટ તુઝી ॥ ૨૮૨૧ ॥

(હે પાંડુરંગ, હું શું વિચાર કરું ? મારું મન તને મળવા માટે તલસે છે. તને મળવા માટે જ મારા જીવને તાલાવેલી છે. રાતદિવસ હું તારી રાહ જોઉં છું).

અને

તુકા મ્હણે મજ લાગલીસે ભૂક,
ધાવૂનિ શ્રીમુખ દાવી દેવા ॥ ૨૮૨૧ ॥
અમૃતાચી દૃષ્ટિ ઘાલૂનિયા વરી
શીતળ હા કરી જીવ માઝા ॥ ૩૮૬૪ ॥

(તુકારામ કહે છે મને ભૂખ લાગી છે એટલે હે પ્રભો દોડીને આવ અને તારું શ્રીમુખ બતાવ. તારી અમીભરી કૃપાદૃષ્ટિથી, મારા જીવને શાતા આપ).

ભગવાનનાં દર્શન વગર તુકોબાને સમગ્ર જગત સૂનું સૂનું લાગે છે

તૂં માઝી માઉલી તૂં માઝી સાઉલી,
પાહાતો વાટુલી પાંડુરંગે ॥
તુકા મ્હણે જીવે તુજપાશી અસે
તુજવિણ ઓસ સર્વ દિશા ॥ ૨૬૦૭ ॥

(તું જ મારી માતા અને મારી છાયા છું. પાંડુરંગ પ્રભો હું તારી વાટ જોઉં છું. તુકારામ કહે છે કે મારો જીવ તારા ચરણે છે. તારા વગર બધી દિશાઓ શૂન્ય જણાય છે.)

પાણીની બહાર તડફડતા માછલાંની જેમ તારા વિરહમાં મારો પ્રાણ વ્યાકુળ થાય છે :

પ્રાણ હા વિકળ હોય કાસાવીસ
જીવનાવિણ મત્સ્ય તયાપરી ॥ ૩૦૩૭ ॥

ભગવાનનું અહર્નિશ નામસ્મરણ ભજન તથા કીર્તન કરવા છતાં જ્યારે ઈશ્વરનું દર્શન થતું ન હતું ત્યારે તુકોબા હતાશ થવા લાગ્યા. જાતજાતના ખરાબ વિચારોના વંટોળમાં એમનું મન ફંગોળાવા લાગ્યું. વિવિધ પ્રકારની શંકાઓથી એમનું અંતઃકરણ વિષણ્ણ થવા લાગ્યું. સાધકની આવી નૈરાશ્યભરી મનઃસ્થિતિને ગુરુદેવ રા. દ. રાનડેજી "The Dark Night of the Soul" (સાધકજીવની અંધારી રાત) તરીકે ઓળખાવે છે.

વિરહવ્યાકુળ પતિ પોતાના પ્રેયસીની કાગડોળે રાહ જુએ તેમ તુકોબા વિઠ્ઠલ માઉલીની એક ઝાંખી માટે પ્રતિદિન ઝૂરવા લાગ્યા.

લાંબા વખત સુધી રાહ જોયા પછી પણ ઈશ્વરદર્શનનો કોઇ અણસાર ન મળતાં તુકારામ વિષાદસંતપ્ત થયા, ભગવાન પાંડુરંગને નીંદવા લાગ્યા.

આમુચિયા ભાવે તુજ દેવપણ
તે કા વિસરોન રાહિલાસી ॥ ૨૯૪૬ ॥
અમૃતાસી મોલ વિષાચિયા ગુણે
પિતળે તરી સોને ઉંચ નીંચ ॥
તુકા મ્હણે આમ્હી અસોનિયા જાણ
તુજ દેવપણ આણિયેલે ॥ ૩૩૮૯ ॥

(અમારા ભક્તિભાવને બળે તને દેવત્વ પ્રાપ્ત થયું છે, એ વાત તું કેમ ભૂલે છે ? ઝેરની તુલનામાં અમૃતની કિંમત અંકાય છે, પિત્તળને લીધે સોનાનો ભાવ વધે છે, તુકારામ કહે છે કે અમે જ તને દેવત્વ આપેલું છે).

વારંવાર આર્ત પોકાર કરવા છતાં, સાકાર સ્વરૂપે દર્શન ન આપનાર ભગવાન પાંડુરંગ પ્રત્યેનો તુકારામનો રોષ એટલે સુધી વધ્યો કે "નિર્લજ્જ", "ચોરટો", "ભારવાહી" જેવા વિશેષણોથી તેઓ તેને ધિક્કારવા લાગ્યા :

દાખવૂનિ આસ, કેલા બહુતાચા નાસ,
તુકા મ્હણે ચોરા, તુલા આપ ના દુસરા ॥ ૧૮૧૨ ॥

(પોતાના દર્શનની લાલચ બતાવીને તેં ઘણા ભક્તોનો વિનાશ કર્યો એટલે તુકારામ કહે છે તારા જેવો ચોર બીજો કોઇ નથી.)

પોતાની સાથે છેતરપિંડીનો વ્યવહાર કરનાર વિઠોબા ભગવાનનો સંગ સદંતર છોડી દેવાનો તુકોબા અંતે નિશ્ચય કરે છે :

તુઝા સંગ પુરે, સંગ પુરે,
સંગતિ પુરે, વિઠોબા ॥ ૨૨૬૩ ॥

(હે વિઠોબા, હવે તારો સંગ બસ થયો, બસ થઇ તારી સંગત).

તુકારામના ઉપર્યુકત શબ્દોમાં ભગવાન પ્રત્યે રોષ હોવા છતાં અણગમો નથી. વાચિક કઠોરતા હોવા છતાં માનસિક ઉદાસીનતા નથી. ભગવાન પ્રત્યેની આંતરિક આસ્થા કે ભાવુકતાનો અભાવ નથી. જેમ બાળક પોતાની મા પર ગુસ્સે થાય કે એકાદ તેજસ્વી છાત્ર શિક્ષકની ઊણપ દર્શાવે તેમ તુકારામના નૈરાશ્યપૂર્ણ મનમાં ઈશ્વર પ્રત્યે રોષ નિર્માણ થયો. લાંબા સમય સુધી ભગવાનનું નામસ્મરણ, ભજનકીર્તન કરવા છતાં તેનો સાક્ષાત્કાર ન

થવાથી તુકારામ અકળાઈ ગયા. રાતદિવસ તેના સગુણ સાકાર સ્વરૂપની આતુર નજરે રાહ જોવા છતાં દૈવી અનુભૂતિનો કોઈ અણસાર ન મળતાં તુકારામ વધુ ને વધુ અસ્વસ્થ અને અધીર થયા.

પણ ભક્તકામકલ્પદ્રુમ ભગવાન પાંડુરંગ ભક્તની આકરી કસોટી કરતા હતા. તેની ભાવભક્તિ ચકાસતા હતા, આત્મનિષ્ઠાનું આકરું પરીક્ષણ કરતા હતા.

દરેક સન્નિષ્ઠ સાધકના જીવનમાં આવતો નાનકડો પણ અત્યંત કઠણ સમયગાળો તુકારામના જીવનમાં પણ આવી ગયો. પણ તેથી તેઓ હતાશ કે નાસીપાસ ન થયા, બલ્કે આવી કસોટીમાંથી પસાર થવાથી તેમના ચારિત્ર્યનું તેજ વધ્યું. સત્યશોધનની તેમની ધગશ વૃદ્ધિંગત થઈ તેમજ ઈશ્વરનિષ્ઠાનું તેમનું બળ પણ બમણું થયું.

ઈશ્વર પ્રત્યેની એકેશ્વરી નિષ્ઠા, સાક્ષાત્કારની વ્યાકુળતા, સત્યપરાયણતા ઇત્યાદિ સાધનોથી તેમને છેવટે ભગવાન પાંડુરંગના સચ્ચિદાનંદ સ્વરૂપનું સોહામણું દર્શન થયું. તેમની સાધના સિદ્ધિમાં પરિણત થઈ. રાત્રીનો ઘનઘોર અંધકાર વિલય પામીને વહેલી સવારે સૂર્યનારાયણનો ચૈતન્યમય પ્રકાશ જેમ ચરાચર સૃષ્ટિને અનેરી જીવનપ્રેરણા બક્ષે છે તેમ પરમેશ્વરના જયોર્તિમય સાક્ષાત્કારને લીધે તુકારામનું સમગ્ર વ્યક્તિત્વ સવિશેષ તેજસ્વી થયું. તેમનું માનસિક, બૌદ્ધિક તેમજ આધ્યાત્મિક સામર્થ્ય વધ્યું અને અદ્વૈતાનુભૂતિથી ભાવસભર થઈને તેઓ નાચવા લાગ્યા.

પહેલાના સામાન્ય, નૈરાશ્યગ્રસ્ત તુકારામનો સમૂળગો તિરોભાવ થયો અને સાક્ષાત્કારી સ્વાનંદપૂર્ણ સંત તુકારામનો સહજસુંદર આવિર્ભાવ થયો. આગળ પાછળ, આજુબાજુ અત્ર તત્ર સર્વત્ર ઈશ્વરનો અમૃતમય સહવાસ માણતા માણતા તુકારામ ગાવા લાગ્યા :

ભાંબગિરી પાઠારી વસતિ જાણ કેલી
વૃત્તિ સ્થિરાવલી પરબ્રહ્મી ॥
દીપકી કર્પૂર કૈસા તો વિરાલા
તૈસા દેહ જાલા તુકા મ્હણે ॥ ૪૩૫૪ ॥

(ભાંબગિરી પર મેં એકાંતમાં નિવાસ કર્યો, મારી મનોવૃત્તિ પરમાત્મામાં એકરૂપ થઈ. જેમ દીવાની જ્યોતમાં કપૂર એકરૂપ થાય છે તેમ તુકારામ કહે છે કે તેનું વ્યક્તિત્વ ઈશ્વરમય થયું છે.)

અને હવે

જેથે જાતો તેથે તૂં માઝા સાંગાતી
ચાલવિસી હાતી ધરૂનિયા ॥
અવધે જન મજ ઝાલે લોકપાલ
સોઈરે સકળ પ્રાણસખે ॥
તુકા મ્હણે આતા ખેળતો કૌતુકે
જાલે તુઝે સુખ અન્તર્બાહિ ॥ ૨૦૦૦ ॥

(જ્યાં જ્યાં હું જાઉ છું ત્યાં ત્યાં તું મારી સાથે હોય છે, મને હાથ ઝાલીને ચલાવે છે. તેથી બધા સગાંવહાલાં પ્રણ મારા સંરક્ષક થયાં છે અને આમજન પ્યારા લાગે છે. તુકારામ કહે છે કે હવે હુ નિશ્ચિંતપણે ફરું છું, રમું છું કારણ મને તારું અંતર્બાહ્ય સુખ પ્રાપ્ત થયું છે).

પરમાનંદનો અનુભવ થતાં તુકારામનો બધો થાક અને વલોપાત નષ્ટ થયોઃ

આજિ આનંદુ રે એકી પરામાનંદુ રે
જયા શ્રુતિ નેતિ નેતિ મ્હણતી ગોવિંદુ રે ॥ ૨૫૦૩ ॥
ભાગ ગેલા સીણ ગેલા
અવધા ઝાલા આનંદુ ॥ ૩૭૪૬ ॥

(જે ઈશ્વરને વેદશ્રુતિ 'નેતિનેતિ-આ નહિ આ નહિ" તરીકે વર્ણવે છે તે પરમાનંદ પરમેશ્વર ગોવિંદજ છે. તેના દર્શનથી મને ફકત આનંદનો જ અનુભવ થાય છે, હવે કોઈ થાક કે ચિંતા વરતાતા નથી.)

દુન્યવી વિકારોથી તેમજ બંધનોમાંથી સંપૂર્ણ મુકત થયેલા તુકોબા ભગવાન પાસે એક જ માગણી કરે છે :

હે ચિ દાન દેગા દેવા તુઝા વિસર ન વ્હાવા
ગુણ ગાઈન આવડી, હે ચિ માઝી સર્વ જોડી ॥ ૨૩૦૬ ॥

(આજ દાન આપો હરિ, તને જાઉં ન વીસરી પ્રેમે ગાઈશ ગુણ, મારું એજ સર્વ ધન).

હવે તુકારામને સમજાયું કે સાચું સુખ, પાવન તીર્થ સર્વવ્યાપક ભગવાન પાંડુરંગમાંજ સમાએલું છે.

સુખાચેં નિધાન પાંડુરંગ ॥ ૧૨૩૨ ॥
તે તીર્થાંચે માહેર, સર્વ સુખાચે ભાંડાર ॥ ૧૭૦૬ ॥

એટલે જ

તુકા મ્હણે માઝા સખા પાંડુરંગ
વ્યાપિયેલે જગ તેણે એક ॥ ૩૯૧૯

(સમગ્ર સુખનું નિધાન, તીર્થોનું મૂળ મારા મિત્ર પાંડુરંગમાં વસેલું છે. આખુ વિશ્વ તેનાથી વ્યાપેલું છે. તેના એકલાથી આખું વિશ્વ વ્યાપ્ત છે.)

પરમેશ્વરનું મનભાવન સ્વરૂપ સ્મરીને તેના નામસ્મરણમાં આનંદઘેલા થતા, તુકારામની આંખોમાંથી અશ્રુધારા વહેલા લાગી :

ગોવિંદ ગોવિંદ, મના લાગલિયા છંદ
આનંદલે મન, પ્રેમે પાઝરતી લોચન ॥ ૨૩૨૭ ॥

(ગોવિંદ ગોવિંદ નો જ મનને છંદ લાગ્યો છે. મન આનંદ વિભોર થયું છે. આંખમાંથી પ્રેમ નીતરે છે.) આવા પરમોચ્ચ સુખને શબ્દોમાં વર્ણન કરવું અશકય છે.

તુઝે રૂપ પાહતાં દેવા, સુખ જાલે માઝયા જીવા
હે તો વાચે બોલવેના, કાય સાંગો નારાયણા ॥ ૪૪૬૪ ॥

(તારું સ્વરૂપ જોઈને મારા જીવને જે શાતા મળી છે તે વાણી દ્વારા કહેવાતી નથી, તો હું શું બોલું ભગવન્ નારાયણ ?)

વિઠ્ઠલપ્રભુમાં સંપૂર્ણ આસકત થયેલા તુકારામ પોતાની સર્વ ઇન્દ્રિયોને તેનો જ સહવાસ માણવાની વિનંતી કરે છે :

ઘેઇ ઘેઇ માઝે વાચે, ગોડ નામ વિઠોબાચે
તુમ્હી ધ્યારે ડોળે સુખ, પાહા વિઠોબાચે મુખ ॥
તુમ્હી ઐકા રે કાન, માઝયા વિઠોબાચે ગુણ
મના તેથેં ઘાંવ ઘેઇ, રાહે વિઠોબાચે પાયી ॥
તુકા મ્હણે જીવા, નકો સોડૂં યા કેશવા ॥ ૭૫૬ ॥

(લેને લેને મારી વાણી, મીઠું વિઠ્ઠલનું નામ
તમે લો રે આંખો સુખ, જુઓ વિઠ્ઠલનું મુખ
તમે સાંભળો કે કાન મારા વિઠ્ઠલના ગાન
મન ત્યાં જ કર રે દોડ, ધર વિઠ્ઠલ ચરણ જોડ
તુકા કહે જતાં જીવ, ન છોડીશ આ કેશવ)

તુકારામની સન્નિષ્ઠ ભક્તિથી પ્રસન્ન થઈને તેમના સદ્‌ગુરુએ સ્વપ્નમાં આવી

મંત્રનો ઉપદેશ આપ્યો. એવું માનવામાં આવે છે કે ઈ. સ. ૧૬૧૯ મહા મહિનાની શુદ્ધ દશમી ગુરુવારની રાત્રે બાબાજી નામક સત્પુરુષે તુકારામને "રામ કૃષ્ણહરિ" નામનો સિદ્ધ મંત્ર પ્રદાન કર્યો.

તુકોબા પોતે કહે છે :

બાબાજી ચૈતન્ય સાંગિતલે નામ, મંત્ર દિલા રામકૃષ્ણહરિ ॥
માઘ શુદ્ધ દશમી પાહુનિ ગુરુવાર, કેલા અંગિકાર તુકા મ્હણે ॥ ૩૬૮ ॥

તુકારામની શિષ્યા બહેણાબાઈના (ઈ.સ. ૧૬૨૮-૧૭૦૦) મત પ્રમાણે સદર ગુરુપરંપરા નીચે મુજબ છે :

જ્ઞાનેશ્વર-સચ્ચિદાનંદ-વિશ્વંભર-રાઘવચૈતન્ય-કેશવચૈતન્ય-બાબાજી-તુકારામ-બહેણાબાઈ. પરમાત્માના સાક્ષાત્કાર સાથે સદ્‌ગુરુના મુખારવિંદમાંથી મળેલા મંગલમંત્રથી તુકારામ પોતાને કૃતકૃત્ય માનવા લાગ્યા. પોતાની અલગ હસ્તીનું ભાન ભૂલીને એમણે પોતાનું સર્વસ્વ ઈશ્વરચરણોમાં સમર્પિત કર્યું.

દિલી તિળાંજુળી કુળનામરૂપાંસી, શરીર જયાચે ત્યાસી સમર્પિલે ॥
તુકા મ્હણે રક્ષા જાલી આપોઆપ, ઉજળલા દીપ ગુરુકૃપા ॥ ૨૬૬૮ ॥

(મારા કુળ, નામ અને રૂપને મેં તિલાંજલી આપી છે. મારું શરીર પણ પ્રભુને સમર્પિત કર્યું છે. તુકોબા કહે છે કે ગુરુ કૃપાથી જ્ઞાનમય દીપ પ્રજવલિત થતાં મારા સંકુચિત સ્વરૂપની તેમાં સહજ રીતે રક્ષા થઈ છે).

નિર્ભેળ આત્માનંદનો અનુભવ માણતાં માણતાં તુકારામ ઉદ્‌ઘોષ કરે છે :

આનંદાચે ડોહી આનંદ તરંગ, આનંદચિ અંગ આનંદાચે ॥
કાય સાંગો ઝાલે કાંહીચિયા બાહીં, પુઢે ચાલી નાહી આવડીને ॥ ૩૨૫૧ ॥

(આનંદના સરોવરમાં આનંદના તરંગો ઊછળી રહ્યા છે. આનંદના બધા અંગો આનંદમયજ હોય છે. તે પ્રમાણે મારી સ્થિતિ અવર્ણનીય આનંદપૂર્ણ થઈ છે. હવે આગળ બીજો કોઈ અનુભવ લેવાનો રસ રહ્યો નથી.)

આમ ઈશ્વરદર્શન તથા ગુરુમંત્રની પ્રાપ્તિ થતાં તુકારામે આધ્યાત્મિક પ્રગતિનું સર્વોચ્ચ શિખર સર કર્યું.

૩. અભંગ વાણી

તુકારામે મોટા ભાગની કાવ્યરચના "અભંગ" નામના છંદમાં કરેલી છે. કથાકીર્તન કરતાં કરતાં વીણા અને કરતાલના મધુર નાદ સાથે સ્ફૂરેલી તુકારામની અભંગ કવિતા ગેય હોવાથી આજે પણ મહારાષ્ટ્રના ગામે ગામ અત્યંત લોકપ્રિય છે. અર્થબોધની દૃષ્ટિએ અભંગનો એક પદબંધ બીજા પદબંધ ઉપર અવલંબિત હોવાથી તેનું અર્થસાતત્ય તેમજ ભાવાનુસંધાન અતૂટ રહે છે. આધ્યાત્મિક દૃષ્ટિકોણ સાથે જ લોકપ્રબોધનને પણ કવિતામાં સાંકળી લઈ તુકારામ માનવજીવનનું તાદૃશ ચિત્રણ આલેખે છે. તેમની ઉત્કટ ભાવનાઓનો, સન્નિષ્ઠ શ્રદ્ધાનો તથા દુન્યવી અનુભવોનો નિચોડ રજૂ કરતી અભંગ-ગાથા એજ તેમની આત્મકથા છે.

વિવિધરંગી માનવજીવનની અનુભૂતિ, પોતાના સ્વભાવદોષોની સ્પષ્ટતા, ઈશ્વરદર્શન માટેની વ્યાકુળતા, જનકલ્યાણ વિષેની તીવ્ર આસ્થા, સદ્‌ગુણ તથા સદાચાર માટેનો આગ્રહ, ભગવાન પાંડુરંગ પ્રત્યેનો સન્નિષ્ઠ ભક્તિભાવ ઇત્યાદિ વિવિધ વિષયોથી વિભૂષિત થયેલી તુકારામની અભંગવાણી લયમધુર મેઘવર્ષા ની માફક હૃદયંગમ અને સ્ફૂર્તિદાયક જણાય છે.

અભંગ-ગંગોત્રી : સંત તુકારામનો જન્મ એક સામાન્ય કુટુંબમાં થયો હતો. ઉચ્ચ કુળમાં જન્મેલા ન હોવાને કારણે તેમને વિશેષ શિક્ષણ પણ મળ્યું નહોતું એવી સ્થિતિમાં જુવાનીમાં જ એક પછી એક આવેલી આપત્તિઓને લીધે સરળ, સાત્ત્વિક સ્વભાવના સંત તુકારામના હૃદયમાં પણ દુન્યવી સંસાર પ્રત્યે વિરક્તિ નિર્માણ થઈ. આગળ જતાં સંસારની આપત્તિઓ જેમ જેમ વધતી ગઈ, તેમ તેમ તેમની અનાસક્તિ અને ઈશ્વરનિષ્ઠા વધતી જ ગઈ. એકાંતવાસમાં તેમનું મનોમંથન વધુ તીવ્રતાથી થતું રહ્યું અને તેમાંથી જ માનવીજીવનને અત્યંત ઉપયોગી એવાં ત્રિકાલાબાધિત બોધવચનો-અભંગરત્નો બહાર પડયાં.

શ્રીકૃષ્ણ ભગવાનની "બાલક્રીડા" વર્ણવતી કવિતાથી એમણે પોતાનું કાવ્યસર્જન શરૂ કર્યું. આગળ જતાં સંત નામદેવે સ્વપ્નમાં આવીને તુકારામને ભાવસભર કાવ્યલેખન કરવાનો આદેશ આપ્યો. હવે પૂરી આત્મશ્રદ્ધાથી અને વિશિષ્ટ ખુમારીથી તુકારામ અર્થમધુર અભંગોની રચના કરવા લાગ્યા.

તુકારામ કહે છે :

નામદેવે કેલેં સ્વપ્નામાજી જાગે
સવે પાંડુરંગે યેઉનિયા
સાંગિતલે કામ કરાવે કવિત્વં
વાઉગે નિમિત્ય બોલો નકો ॥ ૧૩૨૦ ॥

(ભગવાન પાંડુરંગ સાથે ગુરુ નામદેવ મારા સ્વપ્નમાં આવ્યા અને કહ્યું – "કાવ્ય રચવાનું કામ કર પણ નિરૂપયોગી પ્રસંગોની વાત કરીશ નહિ")

એટલે

માનિયેલા સ્વપ્નીં ગુરુચા ઉપદેશ,
ધરિલા વિશ્વાસ દૃઢનામીં ।
યાવરિયા જાલી કવિત્વાચી સ્ફૂર્તિ
પાય ધરિલે ચિત્તીં વિઠોબાચે ॥ ૧૩૩૩ ॥

(સ્વપ્નમાં ગુરુએ આપેલા ઉપદેશમાં મેં સંપૂર્ણ શ્રદ્ધા રાખી એટલે મને કવિતા કરવાની પ્રેરણા મળી અને મેં હૃદયમાં વિઠ્ઠલભગવાનનાં ચરણોની સ્થાપના કરી).

તુકારામના ચરિત્રકાર મહીપતિ પણ આ વાતને દોહરાવતા કહે છે :

ઐસે જાણોનિ શ્રીકૃષ્ણમૂર્તિ
વિચાર કરીત આપુલે ચિત્તીં ।
મ્હણે તુકા વદેલ માઝી કીર્તિ
તે કવિત્વસ્ફૂર્તિ ત્યાસી દ્યાવી ॥ ૩૪ ॥
મગ નામદેવાચા ધરુનિ હાત
દેહૂસી આલે પંઢરિનાથ
તુકા રાત્રી અસતા નિદ્રિત
દૃષ્ટાંત દાખવીત જગદાત્મા ॥ ૩૫ ॥

(ભગવાન શ્રીકૃષ્ણે મનમાં વિચાર્યું કે તુકોબા પોતાનું યશોગાન ગાશે એટલે તેને કાવ્યસ્ફુરણ પ્રદાન કરવું જોઈએ. તેથી નામદેવનો હાથ ઝાલી ભગવાન પંઢરીનાથ દેહૂગામે આવ્યા અને રાત્રે નિદ્રાવસ્થામાં તુકોબાને દ્રષ્ટાંત આપ્યો.)

ભગવાનના આ અભંગ-ઋણ સ્વીકારતાં તુકોબા કહે છે :

આપુલિયા બળે નાહી મી બોલત
સખા કૃપાવંત વાચા ત્યાચી
સાળુંકી મંજુળ બોલતસે વાણી

શિકવિતા ધણી વેગળાચી ॥
કાય મ્યાં પામરે બોલાવી ઉત્તરે
પરિ ત્યાં વિશ્વંભરે બોલવિલે ॥
તુકા મ્હણે ત્યાચી કોણ જાણે કળા
વાગવી પાંગળા પાયાંવિણ ॥ ૨૯૫૦ ॥

(હું મારા પોતાના બુદ્ધિબળથી બોલતો નથી. મારા સખા કૃપાળુ ભગવાનની આ વાણી છે. મેના મંજુલ વાણી બોલે છે પણ તેને શિખવાડનાર માલિક જુદો હોય છે. હું નાદાન શું બોલું ? પણ તે વિશ્વંભર મને બોલાવે છે. તેની કાવ્યશક્તિ કોણ જાણી શકે ? પગ વિનાના અપંગને તે દોરી જાય છે.)

પોતાના માલિક પ્રભુ પાંડુરંગની કાવ્યસંપત્તિને રસિકો પાસે પહોંચાડનાર એક હમાલ તરીકે તુકોબા પોતાને ઓળખાવે છે :

ફોડિલે ભાંડાર ધન્યાચા હામાલ
મી તવ હમાલ ભારવાહી ॥ ૬૯૬ ॥

(ભગવાને પોતાની કાવ્યસંપદાનો માલ-ભંડાર ખોલ્યો છે. તે વહન કરનાર હું તો કેવળ હમાલ છું.)

પોતાની અભંગવાણીને તુકારામ મેઘવૃષ્ટિ સાથે સરખાવે છે. ધરતીમાના બીજનું મોટા વૃક્ષમાં રૂપાંતર કરવાની શક્તિ મેઘવૃષ્ટિમાં જ રહેલી છે. તે જ રીતે માણસને દાનવમાંથી માનવ અને પછી સર્વકલ્યાણકારી મહામાનવ બનાવવાની અદ્‌ભુત અક્ષરશક્તિ અભંગવાણીમાં રહેલી છે :

નવ્હે હે ગુરુત્વ મેઘવૃષ્ટિ વાણી
ઐકાવી કાની સંતજની ॥ ૧૫૨૫ ॥

તેમજ

પર્જન્યે પડાવે આપુલ્યા સ્વભાવે
આપુલ્યાલા દૈવે પિકે ભૂમિ ॥ ૨૦૧૦ ॥
ઉપદેસી તુકા મેઘવૃષ્ટિને આઈકા
સંકલ્પાસી ધોકા સહજ તેં ઉત્તમ ॥ ૨૪૭૫ ॥

(ગુરુ તરીકે હું ઉપદેશ કરતો નથી. હે સંતો, જલવૃષ્ટિ જેવી મારી સ્વાભાવિક કવિતા સાંભળો. ચોમાસામાં વરસાદ સહજ રીતે થાય છે. પણ પૃથ્વી પર સારો, મબલખ પાક ઊભો થવો તે માણસના દૈવ પર આધારિત છે. મેઘવૃષ્ટિની જેમ તુકારામ સહજતાથી ઉપદેશ કરે છે, તે સાંભળવાથી માણસ

ધારે તો પોતાના ખરાબ વિચારો પડતા મૂકી શકે છે)

પૂર્વસૂરીઓનું ઋણસ્મરણ : પોતાના અભંગોમાં તુકારામ પૂર્વસૂરીઓનો, આગળના સંતકવિઓનો અત્યંત આદરથી ઉલ્લેખ કરે છે.

જ્ઞાનેશ્વરીકર્તા જ્ઞાનદેવ, કાવ્યરચના કરવાનો આદેશ આપનાર ભકતકવિ નામદેવ તેમજ પોતાના વિવિધ ગ્રંથોમાં ભક્તિયોગનું રસપ્રદ વિવેચન કરનાર સંત એકનાથનું તેઓ માનભેર સ્મરણ કરે છે.

યોગીશ્વર જ્ઞાનદેવ પ્રત્યેનો પોતાનો અહોભાવ વ્યકત કરતા તુકારામ કહે છે :

જ્ઞાનિયાંચા ગુરુ રાજા મહારાવ
મ્હણતી જ્ઞાનદેવ ઐસેં તુમ્હા ।
મજ પામરા હે કાય થોરપણ
પાયીંચી વાહાણ પાયીં બરી ॥ ૨૩૩૩ ॥

(જ્ઞાનીઓના સદ્‌ગુરુ આપ રાજા મહારાજા છો તેથી જ્ઞાનદેવ તરીકે ઓળખાવો છો. મારા જેવા પામરનું શું શ્રેષ્ઠત્વ ? પગરખાં તો પગમાંજ સારાં દેખાય).

એટલે જ

બોલિલી લેંકુરે વેડી વાંકુડી ઉત્તરે ।
કરા ક્ષમા અપરાધ, મહારાજ તુમ્હી સિદ્ધ ॥ ૨૩૩૪ ॥

(તમારા આ બાળકે જે ગાંડુઘેલું લખાણ કર્યું છે તે અપરાધ માટે માફી માગું છું. તમે તો સિદ્ધ મહાપુરુષ છો.)

સંતસાહિત્યના ખ્યાતનામ સંશોધક શ્રી શં. ગો. તુળપુળેના મતે જ્ઞાનદેવની જ્ઞાનેશ્વરી પરનું સંવિસ્તર ભાષ્ય એટલે એકનાથી ભાગવત અને નાથભાગવતનું સારસર્વસ્વ એટલે જ તુકારામનું અભંગ કાવ્ય. પરિણામે આ ત્રણેય ગ્રંથોમાં ઠેકઠેકાણે અર્થાભિવ્યક્તિ અને ભાષાશૈલીની આકર્ષક સમાનતા જોવા મળે છે. દા.ત.

હે બહુ અસો પંડિત, ધરોનિ બાળાચા હાત,
વોળી લિહી સુવ્યક્ત, આપણચિ ॥ જ્ઞા ૧૩-૩૦૮ ॥
અર્ભકાચે સાઠી, પંતે હાતી ધરિલી પાટી ॥ તુ ૪૫૯ ॥

(બાળકને ભણાવવા તેનો શિક્ષક પહેલાં પોતાના હાથમાં પાટી લે છે.)

અને

યેથ એકચિ લીલા તરલે, જે સર્વભાવે મજ ભજલે,
તયા ઐલીચ થડી સરલે, માયા જાળ ॥ જ્ઞા ૭-૯૭
મગ કૈંચે રે ભવબંધન વાચેં ગાતા નારાયણ
ભવસિંધુ તો જાણ, યેચ તીરીં સરેલા ॥ ૧૧૪૨ ॥

(જે ભક્ત ભગવાન નારાયણનું નામસંકીર્તન કરે છે તેને શેનું સંસારબંધન ? આજ કિનારે [જન્મમાં] તેનો ભવસાગર લુપ્ત થાય છે.)

મજ તયા અનન્ય ગતીચી ચાડ ॥ જ્ઞાને. ૧૦-૧૩૭ ॥
ચાડ અનન્યાચી ધરી નારાયણ ॥ બાલક્રીડા-૧૫

(ભગવાન નારાયણ પોતાના અનન્ય ભક્તની સારસંભાળ લે છે.)

એકનાથલિખિત ભાવાર્થ રામાયણ, ભાગવત અને તુકારામની અભંગગાથામાં પણ ઘણું સામ્ય જોવા મળે છે. દા. ત.

જૈં માઝે ભકત આલે ઘરાં
તૈં સર્વ પર્વકાળ આલે દ્વારાં,
વૈષ્ણવા તો દિવાળી દસરા
તીર્થે ઘરાં યૈં યેતી ॥ એકનાથી ભાગવત ૧૧-૧૨૬૯ ॥
સાધુસંત યેતી ઘરા, તોચિ દિવાળી દસરા ॥ ૯૯૪ ॥

(આપણા ઘરે જ્યારે ભગવદ્‌ભક્ત કે સાધુપુરુષ પધારે છે ત્યારે જ દશેરા કે દિવાળીના તહેવાર જેવો આનંદ જણાય છે)

તંવચિ વૈરાગ્યાચ્યા ગોષ્ટી
જવ સુંદર વનિતા ન દેખે દૃષ્ટિ ॥ એ-રામાયણ-અરણ્યકાંડ
તોંવરી તોંવરી વૈરાગ્યાચ્યા ગોષ્ટી
જંવ સુંદર વનિતા દૃષ્ટિ પડલી નાહી ॥ ૨૭૮૩ ॥

(જ્યાં સુધી સુંદર સ્ત્રી નજરે પડતી નથી ત્યાં સુધીજ માણસ વૈરાગ્યની વાતો કરે છે).

આમ સંત જ્ઞાનદેવ તેમજ એકનાથજીના જીવન તથા કવનથી તુકારામ ઘણા પ્રભાવિત થયા હતા.

સારા ગ્રંથોનું પરિશીલન, સુદીર્ઘ આત્મચિંતન અને ભાવપૂર્વક કરેલાં કથાકીર્તનના પરિપાકરૂપે તુકારામે લગભગ પાંચેક હજાર અભંગોની રચના કરી છે. પંઢરીનાથ પાંડુરંગનું મનોહર વર્ણન, પંઢરપુરનું માહાત્મ્ય, ભગવાન

રામ અને શ્રીકૃષ્ણવિષયક આખ્યાનો, ભગવાન પાંડુરંગની વિવિધ પ્રકારની પ્રાર્થનાઓ, પોતાના જીવનમાંના વિશિષ્ટ પ્રસંગો, વિવિધ કાવ્ય પ્રકાર દા.ત. પારણાં (હાલરડું), ગોંધળ (પ્રાસંગિક કથા-કીર્તન) ભૂપાળી (પ્રભાતિયું), વિરાણી (વિરહગીત) આરતી ઇ. અનેક જુદા જુદા વિષયોને તુકોબાએ આવરી લીધા છે. .

નારદ, શુક, જનક, પ્રહ્લાદ, પાંડવો, સંત કબીર, મીરાંબાઇ, નરસિંહ મહેતા, સાવતા માળી, ગોરા કુંભાર, જનાબાઇ જેવા સર્વશ્રુત વૈષ્ણવો નું પણ તુકારામે ભાવપૂર્વક વર્ણન કર્યું છે. પરમાત્માની સન્નિષ્ઠ ઉપાસના સાથે, ભૂતદયા, સદાચાર, મનઃશુદ્ધિ, ધર્મનિષ્ઠા અને નીતિમત્તા જેવાં માનવમૂલ્યોની અગત્યતા પર તુકારામે ખાસ ભાર મૂક્યો છે.

તેમના ઘણાખરા અભંગો ભાવનાની ઉત્કટતા અને ભક્તિની ભવ્યતાની કોઇ દૃઢ ભૂમિકા ઉપરથી અભિવ્યક્ત થયેલા હોવાથી સાધકોને માર્ગદર્શનરૂપ થતા આવ્યા છે. અંતર્મુખ થઇ પોતાના દોષ શોધી કાઢી ચિત્તની શુદ્ધિ સાધવાનો પ્રયત્ન કરનારને અભંગવાણી પરમસહાયક છે. આધ્યાત્મિક માર્ગમાં આગળ વધનાર ભાવકને તે પ્રકાશ આપનાર છે.

આ અભંગોના કેવળ અભ્યાસથી સાધક જીવનસાર્થકતાના માર્ગે ચાલી શકશે, પોતાની માનવતા વધારી શકશે અને છેવટની શાંતિ પણ પ્રાપ્ત કરી શકશે.

એક હિંદી સંતે કહ્યું છે

તુકારામ તુક રામસે દોનો સેતુ અભંગ ।
ઉનકા સેતુ ભંગ ગયા ઇનકા સેતુ અભંગ ॥

(રામચંદ્રજી અને તુકારામ બન્નેએ સેતુ બાંધ્યો. રામચંદ્રજીનો સેતુ તૂટી ગયો પણ તુકારામનો [અભંગરૂપી] સેતુ અભંગ છે.)

તુકારામે મોટા ભાગના અભંગોની રચના મરાઠી ભાષામાં કરેલી છે. ઉપરાંત હિંદી ભાષામાં પણ તેમના અભંગો પ્રાપ્ત થાય છે, જેમાં તેમણે પ્રભુ ભક્તિ, સદ્‌ગુણશક્તિ તેમજ સર્વસમાનતાનો મહિમા વર્ણવેલો છે. દા. ત.

મૈં ભૂલી ઘરજાની બાટ
ગોરસ બેચન આયેં હાટ,
કાન્હા રે મનમોહન લાલ

સબ હી વિસરું દેખેં ગોપાલ ॥ ૩૮૧ ॥
સબ રસોંકા કિયા સાર
ભજનગોલી એક હિ સાર,
ઈમાન તો સબ હિ સખા
થોડી તો ભી લેકર જયા ॥ ૪૪૪ ॥
કોઈ સખી હરી જાવે બુલાવન
બાર હિ ડારું ઉસ પર તન
તુકા પ્રભુ કબ દેખેં પાઉં
પાસીં આઉ ફેર ન જાઉં ॥ ૩૮૨ ॥

તુકારામની ભાષાશૈલી સરળ, સુગમ તથા અર્થમધુર છે. અભંગોનો આકારબંધ પણ આકર્ષક અને હૃદયંગમ છે. ગુલાબ પુષ્પમાંની પાંખડીઓની જેમ અભંગવાણીની સુગઠિત પદયોજના કાવ્યને ભાવલાલિત્ય સાથે મધુર ગેયતા અર્પણ કરે છે. દા.ત.

સુંદર તે ધ્યાન ઊભે વિટેવરી
કર કટાવરી ઠેવૂનિયા ॥ ૨ ॥
મજ અભયદાન દેઈ તૂં દાતારા,
કૃપેચ્યા સાગરા માયબાપા ॥ ૩૭૩૧ ॥

તેમજ

પવિત્ર તે કુળ પાવન તો દેશ
જેથે હરિચે દાસ ઘેતી જન્મ ॥ ૪૨૯૯ ॥
રાજસ સુકુમાર મદનાચા પુતળા
રવિશશિકળા લોપલિયા ॥ ૪ ॥

અભંગોમાં આંતરયમક અને અંત્યમકનો ઉપયોગ કરીને તુકારામે મંજુલ પદનાદનાં સરસ ઉદાહરણો આપ્યાં છે :

બરેં જાલેં દેવા નિઘાલેં દિવાળે
બરી યા દુષ્કાળે પીડા કેલી ॥ ૧૩૩૫ ॥
પંઢરીચી વારી આહે માઝે ઘરી
આણીક ન કરી તીર્થ વ્રત ॥ ૨૩૫૧ ॥
જગાચ્યા કલ્યાણા સંતાંચ્યા વિભૂતિ
દેહ કષ્ટવિતી ઉપકારે ॥ ૧૫૧૦ ॥

કેટલાક અભંગોમાં પદોની પુનરાવૃત્તિથી અર્થમાધુર્ય સધાયું છે.

ગોવિંદ ગોવિંદ, મના લાગલિયા છંદ ॥ ૨૩૨૭ ॥
આનંદાચે ડોહી આનંદ તરંગ,
આનંદચિ અંગ આનંદાચે ॥ ૩૨૫૧ ॥

શબ્દ અને અર્થનું તાદાત્મ્ય, પ્રસંગવસ્તુનું સુરેખ આલેખન તથા દૃષ્ટાન્ત સાથેનું તત્ત્વવર્ણન અભંગોની સાહિત્યિક સુષમા વધારે છે :

ઉદકા વેગળા, નવ્હે તરંગ નિરાળા
હેમ અલંકારા નામી, તુકામ્હણે તૈસે આમ્હી ॥ ૫૮૧ ॥
જેથે જાતો તેથે તૂં માઝા સાંગાતી
ચાલવિસી હાતી ધરુનિયાં ॥ ૨૦૦૦ ॥

તથા

દીપા નાહી પાઠીં પોટી અંધકાર
સર્વાંગે સાકર અવઘી ગોડ
તુકા મ્હણે તૈસા સજ્જનાપાસૂન
પાહતા અવગુણ મિળેચિના ॥ ૨૯૦ ॥

જીવનનું સર્વાંગીણ નિરીક્ષણ કરનાર આ ખેડૂત કવિનાં દૃષ્ટાંતોમાં પ્રાકૃતિક દૃશ્ય, માનવીસ્વભાવ તેમજ ભકતમનની કોમળતાનું સહજસુંદર ચિત્રણ જોવા મળે છે.

ભેટી લાગી જીવા લાગલીસે આસ,
પાહે રાત્રીં દિવસ વાટ તુઝી
પૂર્ણિમેચા ચંદ્રમા ચકોરા જીવન
તૈસે માઝે મન વાટ પાહે ॥ ૨૮૨૧ ॥

કન્યા સાસુરૂચાસી જાયે, માગે પરતોની પાહે તૈસેં જાલેં માઝયા જીવા, કેવા ભેટસી કેશવા જીવના વેગળી માસોળી, તૈસા તુકા તળમળી ॥ ૨૬૬ ॥

તેમજ

વૃક્ષ વલ્લી આમ્હાં સોયરી વનચરેં
પક્ષી હી સુસ્વરે આળવિતી
યેણે સુખેં રૂચે એકાંતાચા વાસ

નાહીં ગુણ દોષ અંગા યેત ॥
આકાશમંડપ પૃથિવી આસન
રમે તેથે મન ક્રીડા કરી ॥
તુકા મ્હણે હોય મનાસી સંવાદ
આપુલાચિ વાદ આપણાંસી ॥ ૨૪૮૧ ॥

અભંગવાણીનાં રૂપકોમાં પણ કાવ્યસૌંદર્ય અને આધ્યાત્મિક સંસ્પર્શનો સરસ સમન્વય જોવા મળે છે.

હરિનામવેલી પાવલી વિસ્તાર
ફળી પુષ્પી ભાર વોલ્હાવલી ॥
તેથે માઝયા મના હોઈ પક્ષિરાજ
સાધાવયા કાજ તૃપ્તીચે યા ॥ ૩૨૫૪ ॥

ભગવાનનો સંતર્પક સાક્ષાત્કાર થયા પછી તુકારામના વ્યક્તિત્વનું સંપૂર્ણ પરિવર્તન થાય છે. સામાન્ય પ્રેતસ્વરૂપ શરીરના અંત સાથે કામ, ક્રોધ જેવા વિકારોને ત્યાંથી બહાર જવું પડે છે. વિદાયની વસમી વેળાએ વિકારમાયા રોકકળ કરે છે.

જાલા પ્રેતરૂપ શરીરાચા ભાવ
લક્ષિયેલા ઠાવ સ્મશાનીચા
રડતી રાત્રદિવસ કામક્રોધમાયા
મ્હણતી હાયહાયા યમધર્મ ॥ ૨૬૬૮ ॥

સ્વૈરિણી સ્ત્રીનું રૂપક આપીને પરપુરુષ (પરમાત્મા) પ્રત્યેની અસીમ પ્રીતિ તુકારામે અભિવ્યકત કરી છે.

યાચસાઠી સાંડિયેલે ભરતાર
રાતલો યા પરપુરુષાશી
તુકા મ્હણે આમ્હી જાલો ઉદાસીન
આપુલ્યા આધીન કેલા પતિ ॥ ૧૬ ॥

આમ, સાહિત્યિક સૌંદર્યથી વિભૂષિત હોવા છતાં અભંગવાણીમાં કયાંય કૃત્રિમતા કે નીરસતા દેખાતી નથી. તેમાં આશય અને અભિવ્યક્તિનું હૃદયંગમ સાયુજ્ય જોવા મળે છે. તેથીજ મહેંકતી ફૂલછાબની જેમ અભંગવાણી સહજસુંદર તથા ચિત્તવેધક લાગે છે.

સાદી લોકભાષામાં રચાયેલા તુકારામના અભંગોમાં ઉત્કટ ભક્તિભાવ, સદ્‌ગુણોની ઉપાસના તેમજ ચારિત્ર્યની ભવ્યતા સુપેરે વ્યકત થાય છે. તેથી જ એક પણ અભંગ આવડતો ન હોય એવો શિક્ષિત કે અશિક્ષિત, શ્રીમંત કે ગરીબ માણસ મહારાષ્ટ્રમાં જોવા મળશે નહીં. અભંગોનાં કેટલાંક ચરણો તો લોકોમાં કહેવતરૂપે વપરાય છે.

ખરું જોતાં સંત તુકારામ જેવા મહાપુરુષનું લખાણ એક પ્રાંત કે દેશ માટે ઉપયોગી ન હોઈ સમસ્ત માનવજાતિ માટે કલ્યાણકારક છે. વિશ્વના બીજા સત્પુરુષોની જેમ તુકારામે પણ પોતાના અભંગોમાં વિચારોનું પાવિત્ર્ય, સદાચાર તથા પરોપકારીવૃત્તિ પર વારંવાર ભાર મૂક્યો છે. માનવજાતિના કલ્યાણનો આધાર આજ અવિનાશી તત્ત્વો ઉપર રહેલો છે. તેથીજ આ અભંગસંપત્તિ સમસ્ત માનવજાતિની છે. એટલેજ શ્રી ભાલચંદ્ર નેમાડે કહે છે :

He was fully conscious of his role as a spritual guide, thinking it was essential for him as a poet to convince the people that one must discover the basic truths for himself, not just accept them on blind faith. In his poems there is a clear emphasis on personal existence and subjectivity. (P. 41)*

and

Unlike the modern poets who grope for the dimension of time, Tukaram transcends time and plies the imagery of the entire cosmos with great ease. He says : "My native land is the whole of the universe" (P. 47)*

* **Tukaram : Bhalchandra Nemade**
Sahitya Akademi, Delhi, 1991

૪. કેટલાક ઉદ્‌બોધક પ્રસંગો

ભગવાન પાંડુરંગ સાથે સંત નામદેવે તુકારામના સ્વપ્નમાં આવીને તેમને કવિતા રચવાનો આદેશ આપ્યો એમ માનવામાં આવે છે. ભજનકીર્તન કરતાં તેમને તુકારામના મુખમાંથી ભાવસભર અભંગગંગા વહેતી થઈ. તેથી ઘણા શ્રોતાઓને વિવિધ પ્રકારનો ફાયદો થયો. ઘણા લોકો ખરાબ આદતો તથા વ્યસનોમાંથી મુકત થયા. ઘણાના વ્યવહાર, વર્તનમાં સુધારો થયો. સારું જીવન જીવવા માટે અનેક સ્ત્રીપુરુષોને માર્ગદર્શક પ્રેરણા મળી. પરિણામે પ્રેમ અને આદરથી તેઓ તુકારામને ચાહવા લાગ્યાં. દયાર્દ્ર, પરોપકારી સંત તરીકે તુકારામની કીર્તિ પ્રસરવા લાગી.

પણ જેમ આ કણબી કવિનો આદર કરનારો વર્ગ હતો તેમજ તેનો દ્વેષ અને તિરસ્કાર કરનારા પણ ઘણા હતા. આવા દ્વેષીલા લોકો તરફથી તુકારામની કનડગત થવા લાગી.

તે વખતે મંબાજી ગોસાવી નામનો અલ્પજ્ઞ પણ દુરભિમાની બાવો ગામમાં રહેતો હતો. તુકોબાના રસસભર તથા ઉદ્‌બોધક કાવ્યામૃતનું રસપાન કરવા સેંકડો લોકો રોજબરોજ મંદિરે જતા, તેમનું ભજનકીર્તન એકાગ્રતાથી સાંભળતા અને પોતાનું જીવન સુધારવાનો પ્રયત્ન કરતા. એટલે મંબાજીની પ્રતિષ્ઠા ઓછી થવા લાગી. તેને તુકોબા પરં અપાર ક્રોધ આવ્યો. તેમને દુઃખ દેવાનો પ્રસંગ તે શોધવા લાગ્યો. એક દિવસ તુકારામ મંદિરની પ્રદક્ષિણા કરતા હતા. પ્રદક્ષિણા કરતાં કરતાં રસ્તામાં પડેલાં કાંટા ઉપાડીને તેઓ એક બાજુએ કરતા હતાં. પરિક્રમા કરનાર લોકોના પગમાં કાંટા ન ભોંકાય એટલા માટે તેઓ તેમ કરતા હતા. એટલું જ નિમિત્ત જોઈને ત્યાં પાસે રહેનાર મંબાજી તેમને ગાળો દઈને કાંટાળી વાડના ઝાંખરા વડે મારવા લાગ્યો. તુકોબાના શાંત, ક્ષમાશીલ સ્વભાવની આકરી કસોટી હતી. પોતાની ઈશ્વરભક્તિથી તુકારામને અસીમ શક્તિ પ્રાપ્ત થઈ હતી. તેથી તેમણે મંબાજીનો માર, ત્રાસ ધીરજથી સહન કર્યો. સાથે જ ઈશ્વરને પ્રાર્થના કરી.

ન સોડી ન સોડી ન સોડી
વિઠોબા સ્મરણ ન સોડી ॥ ધ્રુપ ॥

તથા

બરવે બરવેં કેલેં, વિઠોબા બરવેં
પાહોનિ ક્ષમા અંગી કાંટીવરી મારવિલે ॥

શિવ્યા ગાળી નીત નાહીં, બહુ ફાર વિંટબિલે
તુકા મ્હણે કોધા હાતી, સોડવૂનિ ધેતલે રે ॥ ૩૪૫૪ ॥

(હે ભગવાન, મારા શરીર પર ગમે તેટલું સંકટ આવી પડે, તોય હું બીવાનો નથી. હું તારાં ચરણ છોડવાનો નથી. પ્રભો, તેં સારું જ કર્યું, જાણે મારી ક્ષમાવૃત્તિ ચકાસવા તેં મને ગાળો ખવડાવી, કાંટાથી મરાવ્યો અને છેવટે ક્રોધમાંથી મને છોડાવ્યો.")

નિરહંકારી, સહનશીલ તથા નિખાલસ સ્વભાવના તુકારામનો પ્રભાવ લોકસમાજ પર વધુને વધુ પડવા લાગ્યો. શ્રોતાઓના મનમાં તુકારામ પ્રત્યેનો આદર વધવા લાગ્યો. તેમના અર્થપૂર્ણ અભંગો ગમવા લાગ્યા.. તેથી તે સમયના અગ્રણી બ્રાહ્મણોમાંથી ઘણાને તુકારામની પ્રગતિ તેમજ લોકપ્રિયતા ખૂંચવા લાગી. તેમને તુકારામની ઈર્ષા આવવા લાગી. તેઓ તુકોબાનો મનઃપૂર્વક તિરસ્કાર કરવા લાગ્યા. આજ કારણસર સોક્રેટીસને ઝેરનો પ્યાલો પીવો પડયો, ઈસુ ખ્રિસ્તને શૂળી પર ચડવું પડયું અને ગુરુ તેગબહાદુરની ગરદન પર તલવારની ધાર પડી. તુકારામને ત્રાસ આપનાર લોકોમાં પુણેનગર પાસે વાઘોલી ગામમાં રહેતો રામેશ્વર ભટ્ટ અગ્રગણ્ય હતો. તુકારામનો સુયશ જોઈને તે અસૂયાથી બળવા લાગ્યો. તુકારામને પોતાની પાસે બોલાવીને તેણે કહ્યું, "તું શુદ્ર છે, તને ધર્મનો ઉપદેશ આપવાનો કોઈ અધિકાર નથી. તારા અભંગોમાં વેદશાસ્ત્રોનો તત્ત્વબોધ હોય છે અને તે સ્ત્રી, શૂદ્ર, અશિક્ષિત સૌને તું કહે છે. આ તારો મહાન અપરાધ છે. તું આજથી કથાકીર્તન બંધ કર. કવિતા કરવાનું છોડી દે. આજ સુધી જે અભંગો કર્યા છે તે બધા ઇંદ્રાયણી નદીમાં પધરાવી દે, ડુબાડી દે"

તુકારામે ભટ્ટજીની આજ્ઞા માન્ય કરી. સમગ્ર અભંગગાથાની વહીઓ તેમણે ઇંદ્રાયણી નદીમાં પધરાવી દીધી. તરત જ ભગવાન પાંડુરંગના મંદિરમાં ગયા. અને ત્યાં મંદિરની બહાર એક પથ્થર પર આંખો બંધ કરીને પડી રહ્યા. અન્નપાણીનો પણ સંપૂર્ણ ત્યાગ કર્યો. મનમાંનો ઉદ્વેગ વધવા લાગ્યો. જાણે પોતાનું આખું જીવન વ્યર્થ ગયું એમ તેમને લાગવા લાગ્યું. આંખોમાંથી અશ્રુપ્રવાહ અને મોઢામાંથી નામજપ નિરંતર ચાલતો હતો. મનમાં જાતજાતના સવાલો ઊઠતા હતા, "હવે શા માટે કવિતા કરવી ? ભજન કીર્તન શી રીતે કરવું ? કોને માટે જીવવું ?" ઇ.

કરું કવિત્વ કાય, નાહીં આતા લાજ
મજ ભકતરાજ હાંસતીલ ॥

તુકા મ્હણે આતાં ન ધરવે ધીર
નવ્હે જીવ સ્થિર માઝાં મજ ॥ ૨૨૨૪ ॥

(હવે હું શું કવિત્વ કરું ? મારે લોકલાજ નથી ? મહાન ભક્તો મારી હાંસી ઉડાવશે. હવે મારાથી રહેવાતું નથી. મારું મન અસ્થિર થયું છે.)

આવી ભયાનક પરિસ્થિતિમાંથી પોતાની મુક્તિ થાય, ભગવાન પાંડુરંગ કૃપા કરે તે દૃષ્ટિથી તુકોબાએ તેર દિવસ સુધી ઉપવાસ કર્યા. પણ કંઈ વળ્યું નહીં. નિરાશ થઈને તેઓ કહેવા લાગ્યા :

તેરા દિવસ જાલે નિશ્ચક કરિતાં
ન પવસી અનંતા માયબાપા ॥
ફાર વિઠાબાઈ ધરેલી તુઝી આસ
કરીન જીવા નાસ પાંડુરંગા ॥ ૨૪૯૩ ॥

(તેર દિવસ થયા. હું નિરંતર ઉપવાસ કરું છું છતાં માયબાપ પંઢરીનાથ પ્રસન્ન થતા નથી. હે વિઠાબાઈ તારી પુષ્કળ વાટ જોઈ. હવે હું મારું શરીર છોડી દઈશ.)

આમને આમ તેર દિવસ પસાર થઈ ગયાં. આજુબાજુના લોકો પણ હતબલ થઈને ભગવાનની પ્રાર્થના કરતા હતા. તુકોબાની દયનીય સ્થિતિ જોઈને રડતા હતાં.

તેવામાં ચૌદમે દિવસે સવારે એક ભક્તે આવીને તુકારામને કહ્યું, "અરે મહારાજ ચાલો ચાલો, આપના અભંગોની પોથી ઈંદ્રાયણીના પાણી ઉપર તરે છે".

તુકારામ સફાળા બેઠા થઈ ગયા અને નદી તરફ દોડયા. ઈંદ્રાયણીના પાણી ઉપર અભંગ પોથી તરતી જોઈને તેઓ ભાવવિહ્વળ થયા. તેમણે પોથી ઉપાડી લીધી. ભગવાનનું કૃતજ્ઞતાપૂર્વક સ્મરણ કર્યું. આંખોમાંથી આનંદાશ્રુનો અવિરત પ્રવાહ વહેતો થયો. તુકોબાના જીવનનો એ ધન્ય, અવિસ્મરણીય પ્રસંગ હતો.

આ તરફ રામેશ્વર ભટ્ટને પણ પસ્તાવો થયો. તુકોબાની ભાવશક્તિની પ્રતીતિ થતાં ભટ્ટજીની મનોવૃત્તિ સંપૂર્ણ બદલાઈ ગઈ અને તેઓ સંત તુકારામના શિષ્ય બન્યા.

કૌન્તેય પ્રતિજાનીહિ ન મે ભક્તઃ પ્રણશ્યતિ ॥ ગીતા ૯-૩૧ ॥

આવું અભયવચન આપનાર પરમેશ્વરને તુકોબા કહેવા લાગ્યા :

ઉદકી રાખિલે કાગદ ચુકવિલા જનવાદ
તુકા મ્હણે બ્રીદ સાચ કેલે આપુલે ॥ ૨૨૪૧ ॥

(પાણીમાં મારા કાગળ સાચવ્યા અને તેં મારા વિષેનો લોકપ્રવાહ ટાળ્યો. તારું વચન સાચું કર્યું)

એકવાર એક જુવાન, રૂપાળી સ્ત્રી મોહવશ થઈ તુકારામ પાસે આવી. કામાસક્ત મહિલાનું આવું અવિચારી વર્તન જોઈને તુકારામને ઘણું દુઃખ થયું. છતાં તે બાઈને તેઓએ શાંતિથી સમજાવ્યું :

પરાવિયા નારી રખુમાઈ સમાન
હે ગેલે નેમૂન ઠાયીએચી ॥
જાઈ વો તૂં માતે ન કરી સાયાસ
આમ્હી વિષ્ણુદાસ નવ્હોં તૈસે ॥
ન સાહાવે મજ તુઝે હે પતન
નકો હે વચન દુષ્ટ વદો ॥
તુકા મ્હણે તુજ પાહિજે ભ્રતાર
તરી કાય નર થોડે જાલે ॥ ૫૨૪ ॥

(મારે માટે બધી પારકી સ્ત્રીઓ દેવી રખુમાઈ સમાન છે. આ મારો દૃઢ નિશ્ચય છે. માઈ, તું અહીંથી જા, ખોટો શ્રમ કરીશ નહિ કારણ અમે વૈષ્ણવો આ પ્રકારના માણસો નથી. મારાથી તારું પતન જોવાતું નથી. ખરાબ વેણ બોલીશ નહિ. તને પતિ જોઈતો હોય તો આ દુનિયામાં પુરુષ કંઈ ઓછા છે ?)

તે બાઈને પોતાની ભૂલ સમજાઈ. તુકારામમાં તેને ભકતનું સમુજ્જવળ વ્યક્તિત્વ તથા શુદ્ધ ચારિત્ર્યનું દર્શન થયું. તુકોબાના અભંગબોધથી તે સન્માર્ગે વળી.

સંત રામદાસ તથા છત્રપતિ શિવાજી સાથે સત્સંગ :

આજન્મ બ્રહ્મચર્ય પાળીને સંત રામદાસે શ્રીરામ પ્રભુની ભક્તિ સાથે શક્તિ તથા યુક્તિના દેવતા હનુમાનજીની ઉપાસનાં લોકોમાં પ્રચલિત કરી. ઠેકઠેકાણે વ્યાયામશાળાઓની સ્થાપના કરી યુવકોને શારીરિક સામર્થ્ય કેળવવાની તાલીમ આપી.

યવનોના અનાચારથી હતોત્સાહ થતા છત્રપતિ શિવાજીને સ્વરાજ્યની

સ્થાપના માટે કૃતિશીલ પ્રેરણા આપી. "દાસબોધ" "મનાચે શ્લોક" જેવી કૃતિઓની રચના કરી સત્કર્મ તથા સદાચરણનો પ્રસાર કર્યો.

ઘણા વિદ્વાનોના મતે ઇ. સ. ૧૬૪૯ માં તુકારામ અને રામદાસ પંઢરપુર ખાતે એકબીજાને મળ્યા હતા.

તુકારામને સંત રામદાસ પ્રત્યે ભારે પ્રેમ અને આદર હતો. નીચેના અભંગચરણોમાં તેઓ અપ્રત્યક્ષ રીતે રામદાસને માનપૂર્વક ભાવાંજલિ અર્પે છેઃ

ઐસા રામ જપે નિત્ય, તુકા મ્હણે જીવન્મુકત ॥ ૧૦૯૬ ॥
ઐસા નિત્ય રામ ધ્યાય, તુકા વંદી ત્યાચે પાય ॥ ૧૧૦૪ ॥

(પ્રભુ રામચંદ્રનો જે નિરંતર જપ કરે છે, તેનું ધ્યાન ધરે છે એવા જીવન્મુકત [રામદાસ] ના ચરણને તુકારામ વંદન કરે છે.)

સ્વરાજ્યસ્થાપનાનું મહત્કાર્ય કરનાર છત્રપતિ શિવાજી પ્રત્યે પણ તુકારામને ઘણી આત્મીયતા હતી. રાજા શિવાજી પણ વારંવાર તુકોબાનાં ભજનકીર્તન સાંભળવા આવતા. સુમારે ઇ.સ. ૧૬૪૫ માં પુનવડી ગામના મંદિરમાં તુકારામ ભાવસભર કીર્તન કરતા હતા ત્યારે શિવાજી મહારાજ ત્યાં શ્રોતાઓમાં આવીને બેસી ગયા. આ વાતની ખબર પડતાં જ યવનોનું સૈન્ય તેમને પકડવા ત્યાં આવી ચઢયું. તે સમયે છત્રપતિ શિવાજીને તથા આમ-લોકોને યાવની આપત્તિમાંથી મુકત કરવા તુકારામ ભગવાનને પ્રાર્થવા લાગ્યાઃ

ન દેખવે ડોળા ઐસા હા આકાંત
પરપીડે ચિત્ત દુઃખી હોતે ॥ ૫૫૭ ॥

કાય મ્યાં માનાવે હરિકેથેચે ફળ
તારિજે સકળ જના ઐસેં ।
ઉચ્છેદ તો અસે હા ગે આરંભલા
શેકડેં વિઠ્ઠલા પરચક્ર ॥ ૫૫૮ ॥

તથા

ભીત નાહી આતા આપુલ્યા મરણા, દુઃખી હોતાં જના ન દેખવે ॥ ૫૫૯ ॥

(આટલો આક્રોશ મારી આંખોથી જોવાતો નથી. બીજાને થતી પીડાથી મારા મનને દુઃખ થાય છે. ઈશ્વરના ભજનકીર્તનથી બધા લોકોનું કલ્યાણ થાય એજ હું ઇચ્છું છું. હે વિઠ્ઠલપ્રભો, પરચક્રને લીધે સમગ્ર લોકસમાજ નષ્ટ થશે. મારા મરણનો મને ડર નથી, પણ પરચક્રથી ભયભીત થયેલા લોકોને હું જોઇ શકતો નથી.)

હૃદયથી કરેલી તુકારામની પ્રાર્થના ફળી. તુકારામ સામે બેઠેલી જનમેદનીમાં યવન સૈનિકોને શિવાજી દેખાયા જ નહિ. તેઓ ગામ છોડીને ચાલ્યા ગયા અને શિવાજી પોતાના નિવાસસ્થાને હેમખેમ પાછા ફર્યા. તુકોબાની ભક્તિમાં અસામાન્ય શક્તિ હતી.

"પાઈક" (વીર સિપાઈ) નામના અભંગો તુકારામે ખાસ શિવાજી રાજાને ઉદ્દેશીને લખેલા છે એમ માનવામાં આવે છે.

શિવાજી જેવા રાજ્યધર્મરક્ષક વીરાગ્રણીને વધુ સ્ફૂર્તિ અને પ્રેરણા આપતાં તુકોબા કહે છે :

પાઈકાવાંચૂન નવ્હે કધી સુખ
પ્રજાંમધ્યે દુઃખ ન સરે પીડા
પાઈકીચે સુખ જયાં નાહીં ઠાવે
ધિગ્ ત્યાંની જગાવે વાયા વિણ ॥ ૧૦૬૨ ॥

(સૈનિકના શૂરાતન વગર લોકોને કદી સુખ મળતું નથી. તેમનાં દુઃખદર્દ ઓછાં થતાં નથી. જે રાજા સૈનિક તરીકેનું સુખ અનુભવતો નથી તેનું જીવન વ્યર્થ છે).

પોતાના પર આવલંબીને રહેતી પ્રજાને દુઃખમુકત કરવી એજ પાઈકના જીવનનું ધ્યેય હોવું જોઈએ.

તુકા મ્હણે વિશ્વા ઘેઊનિં વિશ્વાસ
પાઈક ત્યાસ સુખ દેતી ॥ ૧૦૬૫ ॥
પાઈક તો પ્રજા રાખોનિયાં કુળ
પારખિયા મૂળ છેદી દુષ્ટા ॥ ૧૦૬૬ ॥
જિવાચે ઉદાર શોભતી પાઈક
મિરવતી નાઈક મુગુટમણિ ॥ ૧૦૬૭ ॥

(સમગ્ર લોકસમાજને વિશ્વાસમાં લઈને પાઈક-યોદ્ધા તેમને સુખ આપે છે. દુષ્ટ શત્રુઓનો સમૂળગો ઉચ્છેદ કરી લોકોનાં કુળ અને શીલનું તે રક્ષણ કરે છે. માતૃભૂમિ માટે પોતાનું બલિદાન આપનાર પાઈક સૌ લોકોમાં મોખરાનું સ્થાન પામે છે).

તુકારામની સન્નિષ્ઠ ઉપાસના અને પરગજુવૃત્તિથી પ્રભાવિત થઈ શિવાજી મહારાજે તુકારામને પોતાને ત્યાં પધારવાનું નિમંત્રણ આપ્યું. પોતાના દીવાન સાથે છત્રી, પોશાક, પાલખી, ઘોડા ઈ. નજરાણું પણ મોકલ્યું. સંત તુકારામે તેમાંથી એક પણ વસ્તુ લીધી નહીં. બધું જ નજરાણું પાછું મોકલ્યું અને

પરમેશ્વરને પ્રાર્થના કરી :

દિવટ્યા છત્રી ઘોડે હેં તો બત્યાંત ન પડે ।
આતાં યેથે પંઢરિરાયા મજ ગોવિસી કાસયા ॥
માન દંભ ચેષ્ટા, હેં તો શૂકરાચી વિષ્ઠા ।
તુકા મ્હણે દેવા, માઝે સોડવણે ધાવા ॥ ૧૮૮૪ ॥

(મશાલ, છત્રી, ઘોડા આ બધી વસ્તુઓ કાંઇ સારું કરનારી નથી. હે પંઢરીનાથ તું મને આમાં કેમ ગૂંચવે છે ? માન દંભની ચેષ્ટા ડુક્કરની વિષ્ઠા જેવી છે. ભગવન મને આમાંથી છોડાવવા તું દોડીને આવ).

એકાદ સાધુ કે જંગલવાસી સંન્યાસી માનમરતબો ન સ્વીકારે, એ વિશેષ વાત નથી. પણ સ્ત્રીપુત્રાદિ પરિવારવાળા સંસારી તુકારામે પોતાને ઘેર ચાલી આવેલી સંપતિનો, તથા સન્માનનો ત્યાગ કર્યો એ ખરેખર આશ્ચર્યકારક વાત છે. ઇશ્વર ભક્તિની સાથે જ તુકારામના હૃદયમાં સંતોષ, અનાસક્તિ તેમજ નિરપેક્ષતાનો ખજાનો ભર્યો હતો.

એટલેજ છત્રપતિ શિવાજીને સંદેશો અને સદ્‌બોધ આપતાં તુકારામે કહ્યું :

રોડકે હાત પાય દિસે અવકળાં
કાય તો સોહળા દર્શનાચા ॥
તુકા મ્હણે માઝી વિનંતી સલગીચી
વાર્તા હે ભેટીચી કરું નકા ॥ ૧૮૮૬ ॥

અને

તુમ્હાપાંશી આહમી યેઉનિયાં કાય
વૃથા સીણ આહે ચાલણ્યાચા ॥
નિદ્રેસી આસન ઉત્તમ પાષાણ
વરી આવરણ આકાશાચેં ॥ ૧૮૮૮ ॥

("મારા હાથ અને પગ કંતાઇ ગયા છે. શરીરની કોઇ શોભા રહી નથી. હવે આ દર્શન-મુલાકાતના પ્રસંગનું શું મહત્ત્વ છે ? તુકારામ શિવાજીરાજાને હાથ જોડીને મનઃપૂર્વક વિનવે છે કે તેઓ હવે તેમને મળવાની વાત ન કરે. કારણ તારે ત્યાં આવવામાં અમને ચાલવાનો નકામો પરિશ્રમ કરવો પડશે. અમે અહીં સુખી છીએ. ઊંઘવા માટે સરસ પથ્થરનું બિછાનું છે અને તેના પર આકાશનું છત્ર છે.")

તુકારામ શિવાજીને સલાહ આપે છે :

સાંગણે ન લગે સર્વજ્ઞ તૂં રાજા
અનાંથાચ્યા કાજા સાહ્ય વ્હાવેં ॥
આત્મરામી મન ઠેવૂનિયાં રાહે
રામદાસી પાંહે આપણેં યા ॥
તુકા મ્હણે રાયા ધન્ય જન્મ ક્ષિતી
ત્રૈલોકી હે ખ્યાતિ કીર્તિ તુઝી ॥ ૧૮૮૯ ॥

(હે રાજન્, મારે વધારે કહેવું નથી, તું બધું જાણે છે. તારે દીનદુખિયાની મદદ કરવી જોઈએ. અંતર્યામી ઈશ્વરમાં મન એકાગ્ર કરીને સમર્થ રામદાસ પ્રત્યેનો ભક્તિભાવ વૃદ્ધિંગત કરીશ તો આ પૃથ્વી પરનું તારું જીવન કૃતાર્થ થશે. ત્રણેય લોકોમાં તારી કીર્તિ ફેલાશે).

પત્ની જિજાઈને ઉપદેશ-પૂર્ણબોધ : જાત જાતના દુઃખદાયક તથા માનહાનિકારક પ્રસંગોમાંથી પસાર થયા પછી તુકારામ ઘરસંસાર વિષે ઉદાસીન થવા લાગ્યા. વધારે સમય એકાંતમાં ગાળવા લાગ્યા. તેથી સંસારનો બધો ભાર તેમનાં પત્ની જિજાઈ પર પડવા લાગ્યો. મકાન તથા ખેતીવાડીની માવજત, ઢોરઢાંખરની સંભાળ, સંતાનોનો ઉછેર, તેમનું વ્યવસ્થિત પાલનપોષણ તેમજ કૌટુંબિક સંબંધો ઇ. બધી જ બાબતોનું જિજાઈને એકલપંડે ધ્યાન રાખવું પડતું. જિજાઈ ઘણી મહેનતુ અને પ્રેમાળ સ્ત્રી હતી. અત્યંત કપરા સમયે પણ ઘર છોડીને તે કદી પિયર ગઈ નહોતી. પરંતુ બન્નેની તદ્દન જુદી જુદી ભાવના અને ભૂમિકાને લીધે પતિપત્ની વચ્ચે સંઘર્ષ તથા વિરોધના પ્રસંગો હંમેશાં આવતા હતા.

તુકોબાના વૈરાગ્યથી કંટાળીને તે બોલી ઊઠતી :

કોણાચી બાઈલ હોઉનિયાં વોઢૂં
સંવસારી કાઢૂં આપદા કિતી,
કાય તરી દેઉં, તોડિતીલ પોરે
મરતી તરી બરે હોતે આતા ॥ ૫૬૬ ॥

(સંસારમાં કોઈની સ્ત્રી થઈને કેટલી મુશ્કેલી સહન કરું ? છોકરાઓને શું ખાવા આપું ? હવે તેઓ મરી જાય તો સારું).

જિજાઈનું મન શાંત કરવા, તેને ભક્તિપ્રવણ કરવા તુકારામ તેને વારંવાર સમજાવતા, છેવટે પોતાના મહાનિર્વાણના થોડા દિવસ પહેલાં તુકારામે પત્નીને પૂર્ણબોધ આપ્યો :

મ્હણે મેલીં ગુરેં ભાંડી નેલી ચોરે
નાહીંત લેંકુરે જાલી મજ ॥
આસ નિરસૂનિ કઠિણ હે મન
કરી વો સમાન વજ તૈસે ॥
કિંચિત હેં સુખ ટાકી વો થુંકોનિ
પાવસીલ ધની પરમાનંદ ॥
તુકા મ્હણે થોર ચુકતી સાયાસ
ભવબંધપાશ તુટોનિયાં ॥ ૧૯૮૭ ॥

(ઢોર મરી ગયાં. વાસણ ચોરો લઈ ગયા અને બાળકો થયાં જ ન હતાં એમ તુ સમજ. એક વાર મન વજ જેવું કઠણ કર એટલે તને અલૌકિક આનંદની પ્રાપ્તિ થશે. સાંસારિક બંધન ઓછું થવાથી તારી ઘણી વિપત્તિ ઓછી થશે.)

પ્રભુભક્તિની આવશ્યકતા પર ભાર મૂકતા તુકારામ પત્નીને સમજાવે છે :

દેવ પાહાવયા કરી વો સાયાસ
ન ધરી હે આસ નાશિવંત ॥
નકો ચિંતા કરુ વસ્ત્રા યા પોટાચી
માઉલી આમુચી પાંડુરંગ ॥ ૧૯૮૯ ॥

(ઈશ્વરને જોવાનો, સમજવાનો પ્રયત્ન કર. દુન્યવી, વિનાશી વસ્તુની અપેક્ષા રાખીશ નહિ. કપડાં તથા પેટ (અન્નવસ્ત્ર) ની ચિંતા કરીશ નહિ, આપણી પાંડુરંગમા છે ને !)

તેમજ

સુખ હે નાવડે આમ્હા કોણા બળે
નેણસી અંધળે જાલીશી તૂં ॥
ભૂકતાન કૈસી રાહિલી નિશ્ચળ
ખુંટલે ચપળ મન ઠાયીં ॥
દ્રવ્ય જીવાહૂનિ આવડે યા જના
આમ્હાંસી પાષાણાહૂનિ હીન ॥
સોઈરે સજ્જન જન આણિ વન
અવધે સમાન કાય ગુણે ।
તુકા મ્હણે આમ્હા જવળીચ આહે
સુખદુઃખ સાહે પાંડુરંગ ॥ ૧૯૯૦ ॥

સત્ય દેવે માઝા કેલા અંગીકાર
આણીક વિચાર નાહી આતા ॥
હોઈ બળકટ ઘાલૂનિયાં કાસ
હાચિ ઉપદેશ તુજ આતાં ॥
વૈષ્ણવાંચી દાસી હોઈ સર્વભાવે
મુખી નામ ધ્યાવે વિઠોબાચે ॥ ૧૯૯૧ ॥

(અમને આ સંસારસુખનો કંટાળો કેમ આવ્યો ? કયા બળને લીધે અમને દુન્યવી સુખનું જરાય આકર્ષણ રહ્યું નથી તે તું જાણતી નથી શું ? મારી ભૂખ તરસ કેમ શમી ગઇ ? ચંચળ મન કેવું સ્થિર થઇ ગયું ? લોકોને પોતાના પ્રાણ કરતા પ્યારો લાગનારો પૈસો અમને પથ્થર કરતાંય નકામો કેમ લાગવા માંડયો ? સગાંસંબંધી, જન અને વન એ બધું જ અમને કેમ એકસરખું જણાવા લાગ્યું ? કારણ પરમાત્મા અમારી પાસે જ છે અને તેજ અમારું બધું સુખદુઃખ સહન કરે છે. તેણે મારો સ્વીકાર કર્યો હોવાથી હવે હું બીજો વિચાર કરતો જ નથી. તું પણ મન કઠણ કરીને સંસારના મોહપાશમાંથી મુકત થા. વૈષ્ણવો વિષે સદ્‌ભાવ રાખ. વિઠ્ઠલ ભગવાનનું નામસ્મરણ કર. તેજ શ્રેયસ્કર છે આટલુંજ મારે તને કહેવાનું છે.)

ઈશ્વર સાક્ષાત્કારની અનુભૂતિમાંથી નીકળેલી આ વાણીનો થોડો ઘણો પ્રભાવ જિજાઇ પર પડયોજ હશે. તેથી પોતાના પતિ-તુકારામ પ્રત્યેની કટુતા તેમજ તુચ્છતાની ભાવના ઓછી થઇ હશે.

એક સામાન્ય સંસારી પુરુષમાંથી નિરપેક્ષ ભગવદ્‌ભકતમાં પરિણત થયેલા એવા તુકારામે પોતાનો જ દાખલો આપીને પત્નીને ઈશ્વરમાં સંપૂર્ણ શ્રદ્ધા રાખવા પ્રેરિત કરી. વિશ્વજનની પાંડુરંગ માઉલી તેમના સમગ્ર કુટુંબની સારસંભાળ કરશે એવી હૈયાધારણ આપી, સાંસારિક ચિંતા ઓછી કરી આનંદમય પરમાત્માની શાંતિપ્રદ ઉપાસના કરવાની અણમોલ સલાહ આપી. પતિ તરીકેની પોતાની ભૂમિકા યથાર્થ કરવાનો તેમણે સુપેરે પ્રયત્ન કર્યો.

૫. પ્રેરક પ્રબોધન

પોતાના અભંગોમાં તુકારામે સામાન્ય સંસારી માણસના કલ્યાણ માટે માર્મિક તેમજ માર્ગદર્શક બોધ આપ્યો છે. પણ આવા પ્રેરક અભંગોમાં શુષ્ક ઉપદેશ કે પાંડિત્યનો આડંબર દેખાતો નથી. જીવનનો સર્વાંગી અનુભવ લેતાં લેતાં એમને પોતાને જે અવિનાશી સત્યનું દર્શન થયું, વિવિધ માનવી સ્વભાવનાં પાસાંઓ જોવા મળ્યાં તે સમગ્ર અનુભૂતિનો નિચોડ તેમના પ્રબોધનમાં વ્યકત થાય છે. અર્થપૂર્ણ, ભાવરાભર અને સંક્ષિપ્ત અભંગવાણીમાં સમાયેલા આ બોધામૃતનું સેવન કર્યા પછી માણસ પોતાની ભૂલ કે ઊણપથી વાકેફ થાય છે. પોતાને સુધારવા પ્રયત્ન કરે છે અને દુઃખી તથા સંકટગ્રસ્ત લોકો સાથે સહાનુભૂતિથી વર્તન કરીને તેમને મદદ કરવાની પ્રેરણા મેળવે છે. અભિમાની તેમજ દાંભિક લોકોને તે ઓળખી શકે છે. પરોપકારી સંતો પ્રત્યેનો તેનો આદર દ્વિગુણિત થાય છે તથા પરમાત્મા પ્રત્યેની તેની શ્રદ્ધા વધે છે.

સુદીર્ઘ આત્મચિંતનના પરિપાકસ્વરૂપે સંસારની ક્ષણભંગુરતા તેમજ સીમિત સુખપ્રાપ્તિથી તુકોબા જેમ જેમ સભાન થતા ગયા તેમ તેમ પરમાનંદ પરમેશ્વરના ભજન તથા નામસ્મરણમાં પોતાના દુન્યવી વ્યક્તિત્વને સમર્પિત કરવા લાગ્યા, તેને ઓગાળવા લાગ્યા. શેષ રહ્યું તે ગંગાજળ જેવું તેમનું નિર્મળ ચારિત્ર્ય, ચંદનતરુ જેવું પરોપકારી જીવન તથા પૂનમના ચંદ્રમાની માફક પરસંતાપહારક વ્યક્તિત્વ. ફૂલમાંથી ફેલાતી ફોરમની જેમ સંત તુકારામના ભાવાર્દ્ર અંતઃકરણમાંથી અમૃતમંગલ અભંગોની અભિવ્યક્તિ થવા લાગી.

આ પ્રકારના અભંગોમાં મનની નિર્મળતા, દુર્ગુણોનો ત્યાગ, સદ્‌ગુણસભર વ્યવહાર, ઈશ્વરશ્રદ્ધા, પરોપકારવૃત્તિ તથા સંતો પ્રત્યેની આદરવૃત્તિ પર સવિશેષ ભાર મૂકવામાં આવ્યો છે.

મનની નિર્મળતા : પોતાના અનુભવથી તુકારામને સમજાયું હતું કે મનને નિર્મળ અને નિયંત્રિત રાખવું એ ઘણું અઘરું છતાં અગત્યનું કામ છે.

નિર્મળ, સ્વચ્છ મનોમંદિરમાં ભગવાનને પણ વસવાનું ગમે છે. માનવીજીવન તેના પર જ આધારિત છે.

નાહી નિર્મળ જીવન, કાય કરીલ સાબણ,
તૈસી ચિત્તશુદ્ધિ નાહી, તેથે બોધ કરીલ કાઈ ॥ ૭૬૫ ॥

तुका म्हणे चित्त करावे निर्मळ
येउनि गोपाळ राहे तेथे ॥ २६५२ ॥

અને

चित्त ते निर्मळ जैसे नवनीत
जाणिजे अनंत तयामाजी ॥ ४५७५ ॥

(માનવીનું આંતરિક જીવન જો નિર્મળ ન હોય તો બાહ્ય શરીરને સાબુ લગાડવાથી શો ફાયદો ? તેમ ચિત્તશુદ્ધિ ન હોય તો તત્ત્વબોધ શા કામનો ?

તુકારામ કહે છે કે માણસે પોતાનું ચિત્ત નિર્મળ કરવું જોઈએ જેથી ગોપાળ શ્રીકૃષ્ણ તેમાં આવીને વસી શકે કારણ આવા માખણ જેવા કોમળ અંતઃકરણમાં ભગવાનને રહેવું ગમે છે.)

માણસનું મન પ્રસન્ન અને પરિશુદ્ધ હોય તો તેને પોતાનું લક્ષ્ય સાધવામાં સરળતા રહે છે. કોઈ વિઘ્ન નડતું નથી કારણ તેની સાથે કોઈની દુશ્મનાવટ હોતી નથી.

मन करा रे प्रसन्न सर्व सिद्धिचें कारण ॥ २९१ ॥
चित्त शुद्ध तरी शत्रु मित्र होती
व्याघ्र हे न खाती सर्प तया ॥ १७५१ ॥

પ્રશાંત અને નિષ્કામ વ્યક્તિત્વની વાઘ, સાપ જેવા હિંસક પ્રાણીઓ પર એવી અસર થાય છે કે તેની આગળ તેઓ પોતાની દુષ્ટ વૃત્તિ વિસરી જાય છે.

તુકારામના મત પ્રમાણે કામ, ક્રોધ, અભિમાન, અહંકાર, દંભ, મત્સર જેવા વિષારી-વિકારો નષ્ટ થાય તોજ મનની નિર્મળતા સાધી શકાય છે.

काम, क्रोध आड पडले पर्वत
राहिला अनंत पलीकडे ॥ ४४२१ ॥
काम क्रोध वैरी घालोनि बाहेरी
तूं राहे अंतरी पांडुरंग ॥ ४४७८ ॥

(અનંત ઈશ્વરને પામવાના માર્ગમાં કામ અને ક્રોધ પહાડ જેવાં વિઘ્નો ખડાં કરે છે તેથી હે પાંડુરંગ ! તું મનમાં નિવાસ કરી આવા આંતરિક દુશ્મનોને બહાર કાઢ.)

કામ, ક્રોધની જેમજ જ્યારે માનવીનું અભિમાન નષ્ટ થાય છે ત્યારે

જ તે યોગસાધનામાં આગળ વધી શકે છે.

યોગ, તપ યાચિ નાંવે, ગાણિત વ્હાવે અભિમાને ॥ ૭૭૯ ॥

અભિમાન તથા દંભથી ભરેલી કૃતિ સૂવરની વિષ્ઠાની જેમ ત્યાજ્ય છે.

માન દંભ, ચેષ્ટા, હે તો શૂકરાંચી વિષ્ઠા ॥ ૧૮૮૪ ॥

અહંકારને લીધે પણ માણસ પોતાનું જીવન બગાડે છે. પણ જો અહંકાર નષ્ટ થાય તો તે જનસમાજમાં સહજતાથી સમરસ થાય છે

ઐસે અહંતેને નાડિલે, તુકા મ્હણે વાયા ગેલે ॥ ૪૩૪૪ ॥

અને

તુકા મ્હણે જેવ્હા ગેલા અહંકાર, તેમ્હા આપપર બોળવિલે ॥ ૮૦ ॥

તુકોબાના મત પ્રમાણે દેવનું પૂજન એટલે સહુને સંભાળીને રહેવું, કોઈને ત્રાસ ન આપવો. પણ જ્યારે માણસ બીજાનો દ્વેષ કરે છે ત્યારે તેની સાથે પરિવારના બધા જ થાક તેમજ દુઃખ અનુભવે છે

દેવાચી પૂજા હે ભૂતાંચે પાળણ
મત્સર તો સીણ બહુતાંચા ॥ ૩૮૫૪ ॥

અહંકાર, અભિમાન અને મત્સરની જેમ દાંભિક વૃત્તિથી પણ માણસનું અધઃપતન થાય છે. તુકારામે દાંભિક લોકોનાં લક્ષણોનું તાદૃશ આલેખન કર્યું છે :

ટિળા ટોપી ઉંચ દાવી, જગી મી એક ગોસાવી
અવઘા વરપાંગ સારા, પોટી વિષયાંચા થારા ॥ ૨૮૫૬ ॥

એટલે જ

પરનારી દેખોનિ ત્યાંચે, ચંચળ જાલે ચિત્ત
ટિળાં ટોપી ઘાલુનિ માળાં મ્હણતી આમ્હી સાધુ
દયાધર્મ ચિત્તી નાહી, તે જાણાવે ભોંદું ॥ ૪૬૫ ॥

(કપાળે ટીલું કરીને, ઊંચી ટોપી પહેરીને (દાંભિક) માણસ લોકોને બતાવે છે કે પોતે બાવો બન્યો છે. પણ આ બધું ઉપરછલ્લું છે. તેના અંતરમાં ઢગલાબંધ સાંસારિક વિષયોનો વિચાર ચાલતો હોય છે.) ૨૮૫૬.

બીજાની સુંદર સ્ત્રી જોઈને આવા લોકોનું ચિત્ત ભમવા લાગે છે. ટીલું, ટોપી તથા માળા, ધારણ કરી પોતાને સાધુ કહેવડાવનારના અંતરમાં જો દયાધર્મ ન હોય તો તેમને દાંભિક ધૂતારા જાણવા).

તેથી જ તુકારામ ચેતવણી આપે છે

સદા સર્વકાળ અંતરી કુટિલ
તેણે ગળા માળ ઘાલૂ નયે ॥
જ્યાસી નાહી ધર્મ, દયા, ક્ષમા, શાંતિ
તેણે અંગી વિભૂતિ લાવૂ નયે ॥
જ્યાસી ન કળે ભક્તિચે મહિમાન
તેણે બ્રહ્મજ્ઞાન બોલો નયે ॥
મન નાહી લાગલે હાતાસી
તેણે પ્રપંચાસી ટાકૂં નયે ॥
તુકા મ્હણે જ્યાસી નાહીં હરિભક્તિ
તેણે ભગવે હાતી ધરું નયે ॥ ૨૭૮૯ ॥

(જે માણસનું મન મલિન છે તેણે ગળામાં માળા પહેરવી ન જોઈએ. જેને માનવધર્મ, દયા, ક્ષમા તથા શાંતિની ખબર નથી તેણે શરીર પર ભસ્મ લગાડવી ન જોઈએ. જે ભક્તિનો મહિમા જાણતો નથી તેણે બ્રહ્મજ્ઞાનની વાત કરવી ન જોઈએ. જેનું મન કાબૂમાં રહેતું નથી તેણે સંસારનો ત્યાગ કરવો ન જોઈએ. તુકારામના મતે જે હરિનો ભકત નથી તેણે ભગવાં વસ્ત્ર હાથમાં પણ લેવાં ન જોઈએ.)

દાંભિક લોકોની સોબતથી માણસનું ચિત્ત ભમવા લાગે છે અને મનની એકાગ્રતા તૂટતી જાય છે :

નકો દુર્જનાંચા સંગ, ક્ષણ ક્ષણા ચિત્તભંગ ॥ ૨૯૪૦ ॥
સર્વથા હિ ખોટા સંગ, ઉપજે ભંગ મનાસી ॥ ૨૨૦૪ ॥

આમ, જે માણસોને માનવી જીવનનાં સારાં શાશ્વત મૂલ્યોમાં શ્રદ્ધા નથી, સંસ્કાર અને કેળવણીનો ખ્યાલ નથી તથા જેમનું જીવન દુરાચાર, ઢોંગ તથા દંભથી ભરેલું છે એવા મનુષ્યોની સંગતથી સારો માણસ પણ બગડે છે, ખરાબ આદતોનો ગુલામ થાય છે અને અંતે અધોગતિની ખાઈમાં ફેંકાય છે.

પણ સદ્‌ગુણોની કેળવણીથી માણસ પોતાનું તથા બીજાનું પણ કલ્યાણ સાધી શકે છે.

દયા તિચે નાંવ, અહંકાર જાય જંવ ॥ ૨૩૧૩ ॥
દયા તિચેં નાંવ, ભૂતાંચે પાળણ, આણિક નિર્દળણ કંટકાંચે ॥ ૨૬૪ ॥

માણસનો અહંકાર નષ્ટ થતાં તે વધુને વધુ દયાવાન થતો જાય છે,

બીજાઓને સંભાળી લે છે અને સમાજકંટકોનું નિવારણ પણ કરી શકે છે.

જે માણસમાં દયા, ક્ષમાશીલતા તથા મનઃશાંતિ હોય છે તે પોતે સુખી થાય છે, સમાજનું હિત કરી શકે છે અને તેની સાથે ભગવાનને પણ રહેવું ગમે છે :

તુકા મ્હણે ક્ષમા સર્વાંચે સ્વહિત
ધરા અખંડિત સુખરૂપ ॥ ૩૯૯૫ ॥
દયા, ક્ષમા, શાંતિ તેથે દેવાચી વસતિ ॥ ૧૪૩૨ ॥

આત્મકલ્યાણ સાધવા માટે સદ્‌ગુણોની સાથે ઈશ્વરનિષ્ઠાની પણ આવશ્યકતા છે

તુકા મ્હણે ભાવાવિણ, અવધા સીણ કેલા હોય ॥ ૨૮૦૩ ॥
પાપ ગેલ્યાચી કાય ખૂણ, નાહી પાલટલે અવગૂણ,
ભક્તિભાવે વિણ, તુકા મ્હણે, અવધા સીણ ॥ ૨૮૭૦ ॥

(ભક્તિભાવ કેળવાયેલો ન હોય તો જાતજાતનાં કાર્યો કર્યા પછી પણ ઘણીવાર આત્મસંતોષ થતો નથી બલ્કે માણસ પુષ્કળ થાક અને વિષાદ અનુભવે છે.)

પ્રભુના અખંડ નામસ્મરણને લીધે પોતે અનુભવેલી શાંતિ, સુખાકારી તથા હૂંફનું વર્ણન કરતાં તુકારામ કહે છે :

સમાધાન જીવ રાહિલા નિશ્ચલ
ગેલી હળહળ સ્મરણેં હે ॥
ત્રિવિધ તાપાચે જાલેંસે દહન
સુખાવલે મન પ્રેમસુખેં ॥
મહાલાભ વાચે વસે પાંડુરંગ ।
અંગાઅંગી સંગ અખંડિત ॥
જીવનાચા જાલા ઓલાવા અંતરી
વિશ્વ વિશ્વંભરી સમાવલેં ॥ ૧૪૭૪ ॥

(ઈશ્વરના સ્મરણથી સમાધાન પામીને મારું જીવન નિશ્ચિંત થયું, ચિત્તની અસ્વસ્થતા ચાલી ગઈ. ત્રિવિધ પ્રકારના તાપ બળી ગયા અને ઈશ્વરનો અનુગ્રહ પ્રાપ્ત થતાં મન સુખી થયું. પરમાનંદરૂપ ભગવાન પાંડુરંગ મારી વાણીમાં આવીને વસ્યા છે અને મારા અંગેઅંગમાં એમનો સાથ સહવાસ અખંડિત છે. મારા અંતરમાં ભક્તિની એવી હૂંફ વ્યાપેલી છે કે મારું સમગ્ર વિશ્વ વિશ્વનાથમાં સમાઈ ગયું છે).

આમ, સાંસારિક ભય તેમજ સંતાપમાંથી સુપેરે મુકત થવા અને આનંદમય ઈશ્વરનું સાયુજ્ય માણવા તુકારામ ભગવાનના નામ-સ્મરણની ગુરુચાવી આપે છે.

નામસ્મરણ કરનાર અને ઈશ્વરને ભજનાર વૈષ્ણવ ભકત જનતા જનાર્દનને પણ મનઃપૂર્વક ચાહે છે. કોઈનો દ્વેષ કે તિરસ્કાર કરતો નથી. તુકોબા કહે છે :

જની જનાર્દન વસે યેથે દિસે તે શુદ્ધ
તુકા મ્હણે બહુતા મુખે ખરે સુખે ઠેવાવે ॥ ૩૭૭૬ ॥

(સ્પષ્ટ રીતે દેખાય છે કે લોકસમાજમાં ઈશ્વર નિવાસ કરે છે. એટલે બને ત્યાં સુધી વધુને વધુ લોકોને સુખ આપવાનો પ્રયત્ન કરવો જોઈએ.) કેવી રીતે ?

ક્ષુધેલિયા અન્ન દ્યાવે પાત્ર ન વિચારૂન ॥ ૨૧૭૪ ॥

અને

એકએકા સાહ્ય કરું અવઘે ધરું સુપંથ ॥ ૨૭૩૨ ॥

(યોગ્યતાનો વિચાર કર્યા સિવાય ભૂખ્યા માણસને અન્ન આપવું જોઈએ). (એકબીજાને મદદ કરી આપણે ઉન્નતિની રાહે આગળ જઈએ).

આ રીતે જે વર્તે છે તેનું નામ સંત.

જે કાં રંજલે ગાંજલે, ત્યાંસિ મ્હણે જો આપુલે
તોચિ સાધુ ઓળખાવા દેવ તેથેચિ જાણાવા ॥ ૩૪૭ ॥

દુઃખી, પીડિત માણસને જે પોતાનું માને છે તેને જ સાધુપુરુષ માનવો, ત્યાં જ ભગવાનનું દર્શન કરવું.

સંત કવિ નરસિંહ મહેતાની જેમ તુકારામ પુણ્ય અને પાપની અભિનવ વ્યાખ્યા આપે છે :

પુણ્યપર ઉપકાર પાપ તે પરપીડા
આણીક નાહી જોડા દુજા યાસીં ॥ ૧૦૨૭ ॥

(બીજાને મદદ કરવી તે પુણ્યકર્મ છે જ્યારે કોઈને ત્રાસ આપવો એજ પાપકર્મ ગણાય છે. એ બાબતમાં બે મત નથી).

એટલે જ અત્યંત પ્રેમાળ, પરહિતતત્પર એવા સજ્જનો પ્રત્યે તુકોબાને ભારે વહાલ છે. સંતોનું ગુણગાન કરતાં કરતાં તુકારામની અભંગવાણી જાણે મહોરી ઊઠે છે.

સંતાંચિયે ગાવી પ્રેમાચા સુકાળ
નાહી તળંમળં દુઃખલેશ ॥ ૧૨૪૧ ॥

કારણ

જગાચ્યા કલ્યાણા સંતાંચ્યા વિભૂતિ
દેહ કષ્ટવિતી ઉપકારે ॥
ભૂતાંચી દયા હે ભાંડવલ સંતા
આપુલી મમતા નાહી દેહી ॥ ૧૫૧૦ ॥

(સંતોના ગામમાં, એમના સહવાસમાં નિર્મળ પ્રેમ અને આનંદનો સુકાળ હોય છે. ત્યાં લેશમાત્ર વ્યગ્રતા હોતી નથી.)

(બીજાનું ભલું કરવા માટે જેઓ પોતાનું શરીર ઘસી નાંખે છે એવા મહાન સંતો સમસ્ત માનવજાતિના કલ્યાણ માટે મથે છે. પ્રાણીમાત્ર પ્રત્યેની અનુકંપા એજ સંતોની સંપત્તિ. તેમને પોતાના શરીર માટે મમત્વ હોતું નથી).

સર્વોપયોગી, સદાબહાર ચંદનવૃક્ષના જેવું સંતોનું ચરિત્ર હૃદયંગમ હોય છે :

ચંદનાચે હાત પાય હી ચંદન
પરિસા નાહી હીન કોણી અંગ ॥
દીપા નાહી પાઠી પોટી અંધકાર
સર્વાંગે સાખર અવધી ગોડ ॥
તુકા મ્હણે તૈસા સજ્જના પાસૂન
પાહતાં અવગુણ મિળેચિ ના ॥ ૨૯૦ ॥

(ચંદનનાં બધાં અંગો ચંદન જ હોય છે. પારસમણિનો કોઇ પણ ભાગ તુચ્છ હોતો નથી. દીવાની પાછળ કે આગળ કયાંય અંધારું હોતું નથી. સાકર બધી બાજુથી મીઠી જ હોય છે. તેજ પ્રમાણે સંતોના વ્યક્તિત્વમાં કોઇ દોષ દેખાતો નથી.)

એટલે જ સર્વતોભદ્ર સંતોના સાન્નિધ્યને તુકારામ મહોત્સવની જેમ માણે છે :

દસરા દિવાળી તોચિ આમ્હા સણ,
સખે સંતજન ભેટતીલ ॥ ૩૯૨૦ ॥

(સંત મિત્રોની સાથે જ્યારે અમારી મુલાકાત થાય છે ત્યારે જ અમારે માટે

દશેરા દિવાળીનો તહેવાર હોય છે.)

સંતો સાથેના વ્યવહારમાં નિર્મેળ આનંદનો અનુભવ થાય છે. એમના સહવાસમાં મનના વિકારો નષ્ટ થાય છે એમ તુકોબાનું માનવું છે.

વૈષ્ણવા સંગતી સુખ વાટે જીવા
આણિક મી દેવા કાંહી નેણે ॥ ૨૫૫૧ ॥

અને

સંતચરણરજ લાગતા સહજ
વાસનેચે બીજ જળોન જાય ॥ ૪૩૬૪ ॥

તુકારામના પ્રબોધનનું નોંધપાત્ર પાસું એ છે કે એમણે જે જે મહત્ત્વની વાત કરી પછી તે મનની નિર્મળતા વિશે હોય, સત્સંગતિ કે પરોપકારી આચરણની હોય, આ બધું અંગત જીવનમાં પોતે આચરીને પછી જ સમાજમાં એમણે અભિવ્યક્ત કર્યું.

બીજું, અસહ્ય બેહાલી તથા ભયાનક દારિદ્રયથી પીડાતા લોકોને જોઈ તેમને માટેની તુકોબાની આંતરિક અનુકંપા અભંગવાણીમાં પરિવર્તન પામી. રામાયણની કથાની જેમ અભંગ કવિતાનો ઉદ્‌ગમ પણ કવિની હાર્દિક સંવેદના તેમજ સહાનુભૂતિમાંથી થયેલો છે.

ત્રીજું પારંપારિક સેવાપૂજા કે યજ્ઞયાગને મહત્ત્વ ન આપતાં તુકારામે નૈતિક મૂલ્યો તથા સદાચરણ પર વધુ ભાર મૂક્યો છે.

આમ વાણી, વર્તન અને વ્યવહારની સમાનતાને પોતાના આચરણમાં મૂકનાર સમાજસેવક સંત તુકારામને એમના જ શબ્દોમાં ભાવાંજલિ આપવાનું મન થાય છ :

બોલે તૈસા ચાલે ત્યાચી વંદોન પાઉલે ॥ ૪૩૧૬ ॥

(પોતે જેમ બોલે છે તે જ પ્રમાણે આચરણ કરનાર વ્યક્તિના હું પગે પડું છું).

૬. ભક્તિની શક્તિ

આદ્ય શંકરાચાર્ય જેવા જ્ઞાનનિષ્ઠ મહામાનવે પણ જે સંસારને દુસ્તાર-તરવો મુશ્કેલ કહ્યો છે એવા સાંસારિક જીવનની અસારતા અને સ્વાર્થસભરતાનો વારંવાર કડવો અનુભવ થયા પછી તુકારામ વધુને વધુ અંતર્મુખ થવા લાગ્યા. ભંડારા ડુંગર પર એકલા બેસીને સંસાર-પરીક્ષણ અને ઈશ્વરચિંતન કરતાં કરતાં એમને થયું કે જેમાં સુખ કરતાં દુઃખ વધારે છે, આત્મીયતાની તુલનામાં અવહેલનાની પ્રતીતિ વધારે થાય છે એવા દુન્યવી સંસારમાં આસક્ત થવામાં મજા નથી કારણ તેમાંથી નિર્ભેળ આનંદની પ્રાપ્તિ થતી નથી. દુન્યવી જીવનથી સહેજ અળગા રહીને માણસ જો વિશ્વનિયંત્રક પરમાત્માનું ભાવપૂર્વક સંકીર્તન કરે તો તેને અલૌકિક આનંદનો અનુભવ થઈ શકે છે.

શાંડિલ્ય નામના મુનિએ પોતાના ભક્તિસૂત્રમાં ભક્તિની વ્યાખ્યા આ પ્રમાણે કરી છે.

" સા પરાનુરક્તિરીશ્વરે" - ૨

"ઈશ્વર પ્રત્યેની સર્વોચ્ચ આસક્તિ એટલે જ ભક્તિ"

તુકારામના અભંગોમાં ઈશ્વર પ્રત્યેની સન્નિષ્ઠ અનુરક્તિ, ભાવભક્તિ પદે પદે વ્યક્ત થાય છે.

"યજ્ઞાનાં જપયજ્ઞોઽસ્મિ" ૧૦-૨૫

આ ગીતોક્તિનું અનુસરણ કરતાં તુકારામે પરમેશ્વરના નામસ્મરણને જ મહત્ત્વ આપ્યું છે.

નામાચ્યા ચિંતને નાના વાટા પળતી વિઘ્ને ॥ ૩૬૩૬ ॥

ઈશ્વરનું નામસ્મરણ કરવાથી આપણાં બધાંજ વિઘ્નો જુદા જુદા રસ્તેથી નાસી જાય છે.

તેથી જ

રામકૃષ્ણ હરિ વિઠ્ઠલ કેશવા
મંત્ર હા જપાવા સર્વ કાળ ॥ ૨૩૫૨ ॥

અગાધ ભવસાગર તરવાનું ઉત્તમ સાધન એટલે હરિનું નામસ્મરણ.

હરિનામાચે કરુનિ તારુ
ભવસિંધુ પાર ઉતરલો ॥ ૧૫૨૪ ॥

(ઈશ્વરના નામભક્તિરૂપી હોડીના બળથી અમે ભવસાગર તરી ગયા).

ઈશ્વરનું નિરંતર ભજનકીર્તન કરવું એ તુકોબાનું જાણે જીવનવ્રત થઈ ગયું.

હેચિ માઝેં તપ હેચિ માઝે દાન
હેંચિ અનુષ્ઠાન નામ તુઝેં ॥
હેચિ માઝે તીર્થ હેચિ માઝે વ્રત
સત્ય હે સુકૃત નામ તુઝે ॥
હાચિ માઝા ધર્મ હેચિ માઝે કર્મ
હાચિ નિત્યનેમ નામ તુઝે ॥ ૩૭૫૫ ॥

(ભગવન્ તારા નામનું સ્મરણ કરવું એજ મારું તપ, દાન, અનુષ્ઠાન તેમજ તીર્થવ્રત છે. રોજ નિત્યનિયમથી તારા પવિત્ર સત્યનામનું રટણ કરવામાં જ મારું ધર્મચરણ તથા સત્કર્મ રહેલું છે.)

ભગવાન પાંડુરંગનું અખંડ નામસ્મરણ અને કથાકીર્તન કરવાથી તુકારામ એક અદ્વિતીય આનંદોલ્લાસનો લ્હાવો રાતદિવસ માણી શકે છે. તુકોબાના અનુભવતૃપ્તિના ઉદ્‌ગારોમાંથી તેમના પ્રગલ્ભ વ્યક્તિત્વનો સરસ આલેખ જોવા મળે છે :

પાંડુરંગ ધ્યાની પાંડુરંગ મની
જાગૃતીં સ્વપ્નીં પાંડુરંગ ॥
પડિલે વળણ ઈંદ્રિયા સકળા
ભાવ તો નિરાળા નાહીં દુજા ॥
તુકા મ્હણે નેત્રી કેલી ઓળખણ
તટસ્થ તે ધ્યાન વિટેવરી ॥ ૭૦૨ ॥

(મારા ધ્યાનમાં, મનમાં, જાગૃતિમાં અને સ્વપ્નમાં એક પાંડુરંગ જ દેખાય છે. મારી સૌ ઇન્દ્રિયોનું પણ આ જ વલણ થઈ ગયું છે. હવે બીજો વિચાર જ રહ્યો નથી. આંખોમાં સમાએલી ઈંટ પરની મૂર્તિનું મને ઘેલું લાગ્યું છે.)

ઈશ્વરના સ્વરૂપમાં તન્મય થયેલા તુકારામ ક્ષણે ક્ષણે તેનો સત્સંગ અનુભવે છે.

જેથેં જાતો તેથેં તૂં માઝા સાંગાતી
ચાલવિસી હાતીં ધરુનિયાં ॥
ચાલો વાટે આમ્હી તુઝાચિ આધાર
ચાલવિસી ભાર સવેં માઝા ॥ ૨૦૦૦ ॥

(હું જ્યાં જ્યાં જાઉં છું ત્યાં ત્યાં તું મારી સંગાથે હોય છે. મને હાથે ઝાલીને તું આગળ દોરી જાય છે. મારા જીવનસંસારનો ભાર તેં ઉપાડેલો હોવાથી હવે માર્ગમાં મને તારો જ આધાર છે.)

જનસમાજમાંના દુન્યવી શુષ્ક વ્યવહાર કરતાં, તુકોબાને હવે એકાંતવાસનો સ્વસંવાદ વધુ ગમે છે. વૃક્ષ-લતાઓના પર્ણગાનમાં તથા વિહરતા પંખીઓના કલરવમાં તેમનું મન અધિક રમે છે :

વૃક્ષવલ્લી આમ્હા સોયરી વનચરે
પક્ષી હી સુસ્વરે આળવિતી
યેણેં સુખે રુચે એકાંતાચા વાસ
નાહી ગુણદોષઅંગા યેત ॥ ૨૪૮૧ ॥

(અરણ્યામાંનાં તરુવર અને વેલ અમારાં સંબંધી છે. વનમાંના પક્ષીઓ મંજુલ ગીતો ગાય છે. તેથી મને આ એકાંતવાસ ગમે છે. તેમ કરવાથી કોઈ ગુણદોષથી હું બંધાતો નથી.)

ઈશ્વરદર્શનના ફળસ્વરૂપ આત્મસંવાદમાંથી પ્રગટેલો આનંદ શબ્દમાં સમાતો નથી :

આતાં કોઠે ધાવે મન તુઝે ચરણ દેખિલિયા
ભાગ ગેલા સીણ ગેલા, અવઘા ઝાલા આનંદુ ॥ ૩૭૪૬ ॥

(ભગવન્ તારાં ચરણોને જોયા પછી હવે મારું મન બીજે ક્યાં દોડી જાય ? હવે મારો બધો થાક ઉતરી ગયો,, મને સંપૂર્ણ આનંદનો અનુભવ થયો.)

જેના કેવળ સ્મરણમાત્રથી તુકોબા ભાવસમાધિમાં સરી જતા તે પંઢરીનાથ પાંડુરંગ વિઠ્ઠલ ભગવાનનું સુરેખ વર્ણન આદ્ય શંકરાચાર્યે આ પ્રમાણે કરેલું છે :

प्रमाणं भवाब्धेरिदं मामकानां
नितम्बः कराभ्यां धृतो येन तस्मात्
विधातुर्वसत्यै धृतो नाभिकोशः,
परब्रह्मलिङ्गं भजे पांडुरंगम् ॥ ३ ॥ पांडुरंगाष्टकम्

(મારા ભક્તોને માટે ભવસાગરની ઊંડાઈ આટલી જ - કમર સુધી જ છે. આ વાતનું નિદર્શન કરાવવા જેમણે પોતાના કમર પર બે હાથ મૂકયા છે, તેમજ બ્રહ્મદેવના નિવાસકાજે જેમણે નાભિસ્થાન ધારણ કર્યું છે, તેવા પરબ્રહ્મસ્વરૂપ પાંડુરંગનું હું ભજન કરું છું).

તુકોબાના કુળદૈવત વિઠ્ઠલ શબ્દનો અર્થ શો ?

કેટલાંક વિદ્વાનોના મત પ્રમાણે વિદા જ્ઞાનેન ઢાન્ શૂન્યાન્ લાતિ ગૃહ્ણાતિ ઇતિ વિઠ્ઠલઃ । જ્ઞાનશૂન્ય ભોળા અને અલ્પજ્ઞ ભાવિકોને સમુચિત જ્ઞાન આપી તેમનો સ્વીકાર કરનાર, અથવા, વિઠ્ઠલ - વિટસ્થલ - ઈંટ પર ઉભો રહેનાર તે વિઠ્ઠલ.

તુકારામના મત પ્રમાણે :

વિચા કેલા ઠોબા, મ્હણોનિ નાવ તો વિઠોબા ॥ ૪૧૧૯ ॥

વિ એટલે પક્ષી-ગરૂડ એ જ જેનું વાહન છે તે વિઠોબા, વિઠ્ઠલ ભગવાન શ્રી વિષ્ણુ.

અત્યંત ભાવુકતાથી આનંદનિધાન વિઠ્ઠલભગવાનનું તુકોબા આમ આલેખન કરે છે:

સુંદર તે ધ્યાન ઉભે વિટેવરી
કર કટાવરી ઠેવૂનિયાં ॥
તુળસીહાર ગળા કાસે પીતાંબર
આવડે નિરંતર તેંચિ રૂપ ॥
મકરકુંડલે તળપતી શ્રવણીં
કંઠી કૌસ્તુભમણિ વિરાજિત ॥
તુકા મ્હણે માઝે હેચિ સર્વ સુખ
પાહીન શ્રીમુખ આવડીને ॥ ૨ ॥

(કમર પર હાથ મૂકી ઈંટ પર ઉભેલું આ સ્વરૂપ અત્યંત મનોરમ છે. ગળામાં તુળસીની માળા, કમર પર પીતાંબર ધારણ કરેલી આ મૂર્તિ મને ખૂબ ગમે છે. જેના કાન પર મકરકુંડળ અને ગળામાં કૌસ્તુભમણિ શોભે છે તે આ દેવમાં મારું સમગ્ર સુખ સમાયેલું છે, તેજ શ્રીમુખને હું રસપૂર્વક જોતો રહીશ).

દર વર્ષે આષાઢી અને કાર્તિકી અગિયારસે પંઢરપુરમાં ભરાતી યાત્રા-વારીમાં શ્રદ્ધાપૂર્વક સહભાગી થનાર તુકારામ એક સન્નિષ્ઠ વારકરી હતા.

વારકરી સંપ્રદાય ઘણા પ્રાચીન સમયથી ચાલ્યો આવ્યો છે. પણ તેના મુખ્ય પ્રવર્તકોમાં જ્ઞાનેશ્વર, નામદેવ, એકનાથ અને તુકારામની ગણત્રી થાય છે. ભાવિકોના આ સર્વસમાવેશક મેળામાં કોઇ પ્રકારનો ભેદભાવ હોતો નથી. વ્રતવિધિ કે નિયમધર્મનું તેમાં મહત્ત્વ નથી. ત્યાં કેવળ વિઠ્ઠલભક્તિ, એકબીજા પ્રત્યેની આત્મીયતા તથા એકનિષ્ઠ શ્રદ્ધાનું પરમ મહત્ત્વ છે.

તેથી જ તુકારામ કહે છે :

આણીક દુસરે મજ નાહી આતાં
નેમિલે યા ચિત્તા પાસુનિયા ॥
પાંડુરંગ મની પાંડુરંગ ધ્યાનીં
જાગ્રતી સ્વપ્ની પાંડુરંગ ॥
પડિલે વળણ ઇંદ્રિયા સકળા
ભાવ તો નિરાળા નાહી દુજા ॥
તુકા મ્હણે નેત્રી કેલે ઓળખણ
સાજિરે તે ધ્યાન વિટેવરી ॥ ૭૦૨ ॥

(મારા મને એક વાર નિશ્ચય કર્યા પછી હવે બીજો વિચાર જ આવતો નથી. મારા ધ્યાનમાં, મનમાં, જાગૃતિમાં અને સ્વપ્નમાં એક પાંડુરંગ માત્ર છે. મારી બધી ઇન્દ્રિયોનું પણ આજ વલણ થઇ ગયું છે. હવે બીજી ધારણાજ રહી નથી. આંખોમાં વસેલી પેલી ઇંટ પરની મૂર્તિનું મને નિરંતર ધ્યાન લાગે છે).

આમ પરમાત્મા પાંડુરંગ વિષે તુકારામને અનન્ય ભાવ હોવા છતાં તે આપણાં માબાપ છે ને આપણે તેનાં બાળકો છીએ એવી સાચુકલી શ્રદ્ધા પણ તેમના હૃદયમાં હતી. એથી બાળક જેમ માબાપ સાથે બોલે છે, તેમની સાથે ઝગડે છે, તેમના પર ગુસ્સે થાય છે તેમ જ તુકારામ ભગવાન પાંડુરંગ સાથે બોલતા, લડતા અને ગુસ્સાથી તેમને ઠપકો પણ આપતા. ઊઠતાં, બેસતાં, ફરતાં ફરતાં, લખતાં, ગાતાં તુકોબા ઈશ્વર સાથેનો સુખસંવાદ માણતા. પોતાના જીવનના કે કવનના કોઇ પણ તબક્કામાં તેમણે દ્વૈત, અદ્વૈત, સગુણ, નિર્ગુણ, શાસ્ત્રીય કે અશાસ્ત્રીય જેવા તથાકથિત વાદવિવાદને સ્થાન આપ્યું નથી.

કોઇપણ જાતના ભેદભાવ વગર સમગ્ર જનસમાજનો સર્વાંગિણ અભ્યુદય થાય તે હેતુથી તુકારામે પોતાના અભંગ કીર્તનોમાં ક્ષત્રાશીલતા, મનઃશુદ્ધિ, સમાનતા, આત્મીયતા, આત્મશ્રદ્ધા જેવાં પાયાનાં નૈતિક મૂલ્યો પર ભાર મૂક્યો. આજની જેમ તે સમયમાં પણ જ્યારે લોકોને અવર્ષણ, દુકાળ,

યુદ્ધ, હિંસા તેમજ હવસવૃત્તિ જેવા બાહ્ય અને આંતરિક દુશ્મનો સાથે લડવું પડતું ત્યારે સંત તુકારામે આધ્યાત્મિક ચેતના, પરસ્પર સમભાવ, સહૃદયતા તથા એકેશ્વર નિષ્ઠાનો વારંવાર ઉદ્‌ઘોષ કરીને પોતે આ મૂલ્યોને આચરણમાં મૂકીને તેમજ સંતોની પરપીડાહારક વૈષ્ણવી વૃત્તિને અપનાવીને આદર્શ અને શક્તિસંપન્ન ભગવદ્‌ભક્તનું સમુજ્જ્વળ ઉદાહરણ આપણી સામે મૂકયું છે.

૭. તુકારામનું મહાનિર્વાણ

(આમુચા રામ રામ દયાવા)

પરમોચ્ચ પરમાત્માનો પરાનંદમય સંસ્પર્શ તથા સાક્ષાત્કાર થયા પછી તુકારામનું સમગ્ર જીવન અવર્ણનીય શાંતિ અને સંતોષથી ઓતપ્રોત થઈ ગયું. પહેલાં જે સાંસારિક જીવન તેમને વમનપ્રાય - ઉદ્વેગજનક લાગતું હતું તે હવે તેમને સહજસુંદર, નારાયણ સ્વરૂપ લાગવા લાગ્યું. સાક્ષાત્કારની દિવ્ય પ્રભાથી તેમનું શારીરિક, માનસિક તથા આત્મિક સ્વરૂપ તેજોમય થયું. તુકોબા સામાન્ય માનવ મટીને મહામાનવ થયા. સાંસારિક જીવનના સીમિત બંધનમાંથી મુકત બનીને તુકારામ સમસ્ત માનવસમાજની આનંદયાત્રાના અગ્રણી મશાલથી થયા.

પરમાત્મા સાથેની જીવનમુકત અદ્વૈત અવસ્થાનું વેધક વર્ણન કરતાં તેઓ કહેવા લાગ્યા :

લવણ મેળવિતા જળે, કાય ઉરલે નિરાળે
તૈસા સમરસ જાલો, તુજમાજી હરપલો ॥
અગ્નિકર્પૂરાચ્યા મેળી, કાય ઉરલી કાજળી
તુકા મ્હણે હોતી, તુઝી માઝી એક જ્યોતી ॥ ૨૪૮૪ ॥

(લવણ મીઠું પાણીમાં મળી ગયું, હવે જુદું શું રહ્યું ? તેમ, પ્રભો હું તારી સાથે સમરસ થયો, તારામાં સમાઈ ગયો. અગ્નિ અને કપૂર એ બન્નેનો સંયોગ થયા પછી બાકી કાજળ શાનું રહે ? અગ્નિ-કપૂરની જેમ આપણા બન્નેનું એક જ્યોર્તિમય સ્વરૂપ જ દેખાય છે.)

તુકારામને માટે આ એક મોટો લ્હાવો હતો કારણ તેથી તેઓ પોતાનું મૂળસ્વરૂપ માતૃસ્થાન (પિયર) પામી શકયા અને સાથેજ જન્મમરણના અવિરત ચક્રમાંથી છૂટી શકયા :

માઝિયે માહેરી સુખા કાય ઉણે
ન લગે યેણે જાણે તુકા મ્હણે ॥ ૩૩૬૮ ॥

મર્ત્ય જીવનની અંતિમ અવસ્થા ભાવમધુર તેમજ સુખપ્રદ થાય એટલા માટે જ તુકારામે અસંખ્ય યાતનાઓ સહન કરી હતી, ઘણું દુઃખ વેઠયું હતું.

યાજસાઠીં કેલા હોતા અટાહાસ
શેવટચા દિસ ગોડ વ્હાવા ॥
આતાં નિશ્ચિંતીનેં પાવલો વિસાવા
ખુંટલિયા ઘાવા તૃષ્ણેચિયા ॥ ૧૩૨૮ ॥

(મારા જીવનનો છેલ્લો દિવસ ભાવમધુર થાય એટલા માટેજ મેં જીદ કરી હતી, પ્રયાસ આદર્યો હતો. હવે મને ખરેખર વિસામો સાંપડયો છે, કારણ કે મારી વાસનાઓની દોટ અટકી ગઈ છે).

આમ, લોકોની દૃષ્ટિએ ભલે તુકારામનું આ મૃત્યુ કે એમનો અંત હોય પણ તુકારામ પોતે મરણની ક્ષણને માણે છે. તેને હૃદયપૂર્વક આવકારે છે :

આપુલે મરણ પાહિલેં મ્યાં ડોળા
તો જાલા સોહળા અનુપમ્ય
આનંદે દાટલી તિન્હી ત્રિભુવને
સર્વાત્મકપણે ભોગ જાલા ॥ ૨૬૬૯ ॥

અને

તુકા મ્હણે આતાં આનંદી આનંદુ
ગોવિંદી ગોવિંદુ વિસ્તારલા ॥ ૨૬૭૦ ॥

(મારું મરણ મારી આંખોથી મેં જોયું છે. આ એક અનુપમ પ્રસંગ છે, જે સમયે ત્રણેય લોકોમાં ફકત સર્વત્ર આનંદ (પ્રસન્નતા) વ્યાપ્ત છે. સર્વવ્યાપક આત્મામાં મારો સાંસારિક ભોગ સમાપ્ત થયો છે.

તુકારામ કહે છે હવે કેવળ આનંદ અને આનંદ જ વિદ્યમાન છે. ગોવિંદનો ગોવિંદમાં વિસ્તાર થયો છે. ભગવાનના વિશાળ સ્વરૂપમાં તેના ભકતનો વિલય થયો છે).

આમ, ભગવાન પાંડુરંગનું ભાવપૂર્વક ભજન કરતાં કરતાં તેના, નામસંકીર્તનમાં સંપૂર્ણ એકરૂપ થયેલા સંત તુકારામ ઈ.સ. ૧૬૪૯ માં ફાગણ વદ બીજના દિવસે પરમાત્મામાં અંતર્લીન થયા, અંતર્ધાન પામ્યા. પોતાના ગામ શ્રીવૈકુંઠ જવા નીકળેલા તુકારામ લોકોને છેલ્લા પ્રણામ કરતા કહેવા લાગ્યા :

આમ્હી જાતો આપુલ્યા ગાંવા
આમુચા રામરામ ધ્યાવા ॥
રામકૃષ્ણ મુખીં બોલા

તુકા જાતો વૈકુંઠાલા ॥ ૪૪૭૧ ॥

(અમે અમારા ગામ જઈએ છીએ. અમારા સૌને રામરામ. તમે બધા મુખથી રામકૃષ્ણનો જપ કરો. હવે તુકારામ વૈકુંઠ સિધાવે છે).

પંઢરીનાથ વિઠોબાની કૃપાથી તુકારામને સદેહ મુક્તિ મળી.

અંતકાળી વિઠો આમ્હાંસી પાવલા,
કુડીસહિત જાલા ગુપ્ત તુકા ॥ ૧૬૦૬ ॥

(અંત સમયે વિઠ્ઠલ ભગવાને અમારા પર કૃપા કરી. પોતાના શરીર સાથે તુકારામ અંતર્ધાન પામ્યા.)

અન્ય સંતોની જેમ તુકારામનું કોઇ ઠેકાણે સમાધિસ્થળ જોવા મળતું નથી.

એવું કહેવાય છે કે તુકારામે પોતાની પત્ની જિજાઈને પણ પોતાની સાથે વૈકુંઠલોક જવા માટે, સંસારનો ત્યાગ કરવા માટે કહ્યું હતું. પણ બન્નેનું સ્વાભાવિક વલણ જ ભિન્ન હતું. જિજાઈને ભજનકીર્તન કે ભગવાનના સાન્નિધ્ય કરતાં પોતાના ઘરસંસાર, ગાયભેંસોમાં વધારે દિલચશ્પી હતી. એટલે જે "આવશો સાથ ને ત્યારે" એમ જ્યારે તુકારામ પૂછે છે ત્યારે જિજાઈ જવાબ આપે છે :

મહિષી વસુકી ગૈ છે વિયાશે ચાર માસમાં
મારે કૌતુક છે મોટું, પાડો કે પાડી આવશે ?
તમે ભાગ્યવિધાતા છો ચાહો તેમ કરી શકો
અમે સંસારગૂંથાયાં, ધાર્યું ન શકીએ કરી"

માનવભાવનું આ અનોખું પાસું જોઇને દેવાધિદેવ ઇન્દ્ર પણ આશ્ચર્યચકિત થાય છે અને કવિ "શેષ" ઉદ્‌ગાર કાઢે છે :

કહે શક્ર : "હું તો સમજી શકું ના કે બેમાંથી કોણ સાચું કે મોટું ?
સંસારથી ઊર્ધ્વ જતા તુકા વા સંસારચક્ર અનુવર્તતી વા જિજાઈ"

કાવ્ય-પંક્તિ-શેષનાં કાવ્યો, સંપાદક જયંત પાઠક, ઓકટોબર ૧૯૮૧, (પૃ. ૮૦ અને ૮૩.)

તુકારામનું ખ્યાતનામ શિષ્યમંડળ : આમ તો તુંકારામનાં સત્કાર્યોથી પ્રભાવિત થયેલા, તેમનો પ્રેમ અને અનુગ્રહ પામેલા ઘણા અનુયાયીઓ થઇ ગયા. પણ તેમના ખ્યાતનામ શિષ્યોમાં સંતાજી જગનાડે, શિવબા કાસાર, રામેશ્વર ભટ્ટ, બહેણાબાઇ, નિળોબા પિંપળનેરકર ઇ. વૈષ્ણવોનો સમાવેશ થાય છે.

તુકોબાના ચાહક એવા કવિ મહિપતિએ (સત્તરમી સદી) મરાઠીમાં ઓવીબદ્ધ "તુકારામ-ચરિત્ર" લખ્યું છે. તેમજ અનેક લેખક કવિઓએ વિવિધ

ભાષાઓમાં તુકોબા વિષે પોતાના વિચારો વ્યક્ત કર્યા છે. પણ તેમના જીવન સંઘર્ષ, ભાવસભર સંકીર્તન તથા પરોપકારી આચરણનાં સાક્ષી એવાં મહિલાસંત બહેણાબાઈએ (ઇ.સ. ૧૬૨૮-૧૭૦૦) પોતાના અભંગોમાં તેમના સદ્‌ગુરુ તુકારામ વિષે ઘણી માહિતી આપેલી છે.

વેદશાસ્ત્રોનું માર્મિક તથા રસપ્રદ વિવેચન કરનાર તુકારામની કથા સાંભળીને બહેણાબાઈને ખૂબ આનંદ થતો :

તુકોબાચી કથા વેદાંતીલ અર્થ
પાવે માઝે ચિત્ત, સમાધાન ॥ ૪૫ ॥

અને

જ્યાચિયા પદે હોતસે વિશ્રાંતી
ત્યાચી દેહાકૃતિ વિઠ્ઠલચી,
વિઠ્ઠલાસી તયા નાહી ભેદભાવ
ઐસે માઝે મન સાક્ષ આહે ॥ ૨૬ ॥

(જેનાં ચરણોનો આશ્રય લેતાં માણસને શાંતિનો અનુભવ થાય છે તે તુકારામ, વિઠ્ઠલ ભગવાનનું બોલતું ચાલતું સ્વરૂપ છે. મારું મન સાખ પૂરે છે કે વિઠ્ઠલ ભગવાનમાં અને તે (મહાપુરુષ-તુકારામમાં) કોઈ તફાવત નથી).

એટલે જ

બહેણિ મ્હણે તુકા સદ્‌ગુરુ સહોદર
ભેટતા અપાર સુખ આહે ॥ ૨૧ ॥
તુકારામ ભેટલા ધન્ય જિણે માઝે
કૃતકૃત્ય જાલે સહજચી ॥ ૫૯૬ ॥

(બહેણાબાઈ કહે છે કે સદ્‌ગુરુ સુહૃદ તુકારામને મળતાં અનહદ આનંદ થાય છે. તેમની મુલાકાત થવાથી મારું જીવન કૃતાર્થ થયું છે).

આપણને સવાલ થાય કે શા માટે બહેણાબાઈ તુકારામને આટલું મહત્ત્વ આપે છે, કેમ તેનું ગૌરવગાન કરે છે ?

બહેણાબાઈની સમગ્ર કવિતાનું પરિશીલન કરતાં આપણને ખ્યાલ આવે છે કે આધ્યાત્મિક પ્રગતિની તીવ્ર અભીપ્સા સેવતી આ ગરીબ મહિલાને તેના જીવનમાં ઘણું દુઃખ વેઠવું પડયું. તેનો પતિ તેને ગાળો આપતો, મારતો, આજુબાજુના લોકો હાંસી-મજાક ઉડાવતા અને તેના ગુરુ-તુકારામને તુચ્છકારતા, તેમની અવગણના કરતા.

આવી દુઃખદાયક ક્ષણોમાં બહેણાબાઈ શ્રદ્ધાપૂર્વક તુકારામનું સ્મરણ

કરતાં અને પોતાના અદ્‌ભુત સામર્થ્યથી તુકારામ તેણીના દુઃખદર્દનું નિવારણ કરતા.

તુકારામ ખાસ આલા, હરિયલે જન્મદુઃખ ॥ ૬૧૨ ॥

સદ્‌ગુરુ તરીકે તુકારામે બહેણાબાઈને સ્વપ્નમાં મંત્રદીક્ષા આપી તેમજ તેણીના માથા પર હાથ મૂકી કાવ્યરચના કરવા માટે ઉત્તમ પ્રેરણા પણ આપી.

ઠેઉનિયાં કર મસ્તકી બોલિલા
મંત્ર સાંગિતલા કર્ણરંદરી ॥ ૨૫ ॥

તેમજ

તુકારામ તંવ દેખતા દેખત, આલે અકસ્માત ગુરુરૂપે ॥
ઠેવિલયા હસ્ત મસ્તકી બોલૂન, દિધલે વરદાન કવિત્વાચે ॥ ૫૯૧ ॥

સંત બહેણાબાઈએ એક રૂપકાત્મક અભંગકાવ્યની રચના કરી છે, જેમાં ધર્મમંદિરની બાંધણીમાં પોતાનો અમૂલ્ય ફાળો આપનાર જ્ઞાનદેવ, નામદેવ, એકનાથ, તુકારામ જેવા મહામાનવોને તેમણે સ્નેહસભર ભાવાંજલિ અર્પણ કરી છે :

સંત કૃપા જાલી, ઈમારત ફળા આલી ॥ ૧ ॥
જ્ઞાનદેવે ઘાતલા પાયા, ઉભારિલે દેવાલયા ॥ ૨ ॥
નામા તયાચા કિંકર, તેણે રચિલે આવાર ॥ ૩ ॥
જનાર્દન યેકનાથ, ખાંબ દિલ્હા ભાગવત ॥ ૪ ॥
તુકા જાલાસે કળસ, ભજન કરા સાવકાસ ॥ ૫ ॥
બહેણિ ફડકતી ધ્વજા, નિરોપણ કેલે વોજા ॥ ૬ ॥

("સંત બહેણાબાઈચા ગાથા" સંપાદનઃ સૌ શાલિની જાવડેકર, વડોદરા)

(સંતોની કૃપા થવાથી ભાગવત ધર્મના મંદિરની સ્થાપના થઈ. સર્વ પ્રથમ તેનો પાયો નાંખીને સંત જ્ઞાનદેવે વૈષ્ણવધર્મને સારી રીતે પ્રતિષ્ઠિત કર્યો. જ્ઞાનદેવના સેવક નામદેવે મંદિરનું પ્રાંગણ વ્યવસ્થિત કર્યું. (વૈષ્ણવધર્મના આચારવિચારનો વધુ પ્રસાર કર્યો.) તેમના અનુગામી સંત જનાર્દન તથા એકનાથ મહારાજે પોતાનાં લેખન તેમજ સત્કાર્યોથી ભાગવત ધર્મને મજબૂત કર્યો. ભક્ત કવિ તુકારામ સદર દેવાલયના સમુજ્જવલ કળશરૂપમાં દીપે છે. તથા મંદિર પરની નાનકડી ધજા તે બહેણાબાઈ (જે દૂર-સુદૂરના વૈષ્ણવોને દેવાલય તરફ આકર્ષે છે).

આમ, અસંખ્ય સાધકોને, કવિઓને તેમજ વૈષ્ણવોને અમૃતમય પાથેય આપનાર તુકારામ પોતાના અભંગકાર્યથી લોકમાનસમાં અનન્ય સ્થાન ધરાવે છે.

૮. તુકારામ - માનવપ્રેમી સંતકવિ

સમગ્ર માનવસમાજ પ્રત્યેની અસીમ આત્મીયતા અને ઈશ્વર પ્રત્યેની અતૂટ શ્રદ્ધાના બળે તુકારામનું સામાન્ય સાંસારિક માણસમાંથી સાક્ષાત્કારી મહામાનવમાં રૂપાંતર થયું. આ સમુત્કર્ષ સાધવાની લાંબી પ્રક્રિયામાં એમને કોઈ વ્યક્તિની કે દૈવી શક્તિની અવિરત મદદ મળી ન હતી. બલ્કે તેમની જીવનયાત્રામાં એકલપંડે આગળ વધતાં તેમને જાતજાતનાં સંકટોનો તથા સંઘર્ષનો અવારનવાર સામનો કરવો પડયો. દેહૂગામના આ સામાન્ય ખેડૂતની જીવનગાથા આલેખતી અભંગવાણી વાંચતાં વાંચતાં આપણને જાણે આપણા મન સાથે, અંતરાત્મા સાથે આપણો સંવાદ ચાલતો હોય તેવો અનુભવ થાય છે. માનવી જીવનમાંથી જાતજાતની ચડતીપડતી અનુભવતા તુકારામ દરેક યુગના જનસામાન્યના દિલોજાન દોસ્ત બની જાય છે.

આધ્યાત્મિક પ્રગતિની કેડીએ ચાલતાં ચાલતાં તુકારામને જ્ઞાનનો અદ્‌ભુત ખજાનો સાંપડયો પણ તે કોઈ પુસ્તકિયું કે શાસ્ત્રીય જ્ઞાન ન હતું. પરંતું અનુભવજન્ય ગુણોના રત્નોની ખાણ હતી. પોતાના અને બીજા અનેક લોકોના રોજબરોજના જીવનનું નિરીક્ષણ કરતાં અને આત્મખોજનો પ્રયત્ન આદરતાં તુકારામને માનવી જીવનને શાંતિમય તથા કલેશરહિત બનાવવા માટે દયા, ક્ષમા ધીરજ, આત્મપરીક્ષણ ઇ. જીવનમૂલ્યોની ભારે આવશ્યકતા જણાઈ. વિવિધ અનુભવો પરથી તેમને દૃઢ ખાતરી થઈ કે જીવનનો દુર્ગમ પથ સફળતાથી પસાર કરવા ઉપર્યુકત જીવનસત્ત્વો માણસને પૂરતું બળ આપે છે.

મનની મલિનતા, આંતરિક અશુદ્ધિ તથા ઢોંગી વૃત્તિને તિરસ્કારતા તુકારામ અપ્રત્યક્ષપણે જનસમાજમાં સંવાદિતા, બંધુતા તેમ જ એકાત્મતાનું વાતાવરણ સ્થાપવાનો પ્રયત્ન કરે છે.

એટલે જ પોતાના ભજનકીર્તનમાં, અભંગવાણીમાં તથા લોકવ્યવહારમાં તુકારામ સઘળા શ્રોતાઓને સરખી રીતે સહભાગી બનાવે છે. તેમાં કોઈ પ્રકારના ભેદભાવને સ્થાન નથી. સંત ગોરાકુંભાર, રોહિદાસ અને કબીર જેવા વૈષ્ણવોને તુકારામ ભાવપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે :

વર્ણઅભિમાને કોણ જાલે પાવન, ઐસે દ્યા સાંગૂન મજપાશી ॥
અત્યંજાદિ યોની તરલ્યા હરિભજને, તયાંચી પુરાણે ભાટ જાલી ॥
વૈશ્ય તુળાધાર ગોરા તો કુંભાર, ધાગા હા ચાંભાર રોહિદાસે ॥
કબીર મોમીન લતિફ મુસલમાન, સેના ન્હાવી આણિ વિષ્ણુદાસ ॥
કાન્દોપાત્રા ખોદુ પિંજારી તો દાદુ ભજની અભેદુ હરિચે પાયી ॥ ૪૨૯૯ ॥

વર્ણઅભિમાને થયા જે પાવન
જણાવો સુજાણ તેનાં નામ.
અત્યંજાદિ વર્ણો તર્યા હરિ નામે
ગાયો છે પુરાણે તેનો યશ.
વૈશ્ય તુલાધાર ગોરો તો કુંભાર
મોચીડો ચમાર રોહીદાસ કબીર મોમીન લતીફ મુસલમાન

સેનો નાવી (વાળંદ) જાણ
વિષ્ણુદાસ દાદુ તે પીંજારો
કાનોપાત્રા (વેશ્યા) ખોદ (નપુંસક)
પામ્યા તે અભેદ પ્રભુપદે ॥)

તુકારામની આવી સર્વસમાનતાની વિચારધારાને બીરદાવતાં શ્રી ભાલચંદ્ર નેમાડે લખે છે. :

"He upheld the dictum that nothing was unclean that was created by God. By emphasizing the importance of individual purity he strove to eradicate the complex about castes from the minds of his devotees P. 52

(ભગવાને જે જે કાંઇ નિર્માણ કર્યું તે કંઈ પણ અશુદ્ધ નથી તે વાતનો એમણે (તુકારામે) પુરસ્કાર કર્યો. માણસની ચારિત્ર્યશુદ્ધિની શ્રેષ્ઠતા પર ભાર મૂકીને તેમણે પોતાના ભક્તોનાં મનમાંથી વર્ણભેદના ખ્યાલને નિર્મૂળ કરવાની જહેમત ઉઠાવી).

તેમજ

"Though a saint, Tukārama is more social and philosophical than theological.Behind the religious veil we find a very rich tapestry of human concems.

No other Marathi Poet before or after him has emphasized the value of this world by still remaining other worldly" P. 41

(એક સંત હોવા છતાં તુકારામ એક દેવપૂજક કરતાં વધુ તો સમાજાભિમુખ તત્ત્વદર્શી હતા. તેમના ધાર્મિક અંચળાની પાછળ આપણને માનવી સંબંધોની વિવિધ છટાઓ જોવા મળે છે. તેમના પહેલાં કે પછી થયેલા કોઈ પણ મરાઠી કવિએ દુનિયાદારીથી અળગા રહીને સાંસારિક મૂલ્યો પર આટલો ભાર મૂક્યો નથી.)

Tukaram-Bhalchandra Nemade, Published by Sahitya Akademi, Delhi, 1980, 1991

પોતે સાંસારિક વિકારોનાં પરિબળોથી પર રહીને શ્રેયસ્કર જીવન જીવવા માટેનું સુયોગ્ય માર્ગદર્શન આપીને તથા જનકલ્યાણની ભાવનાને કેન્દ્રસ્થાને રાખીને તેમજ ભક્તિભાવને સુદૃઢ કરીને તુકારામે સંત, કવિ તથા ભગવદ્‌ભક્તની સમગ્ર સંકલ્પના ચારિતાર્થ કરી.

કોઇ પણ જાતના ભેદભાવ વગર સમગ્ર જનસમાજના સર્વાંગિણ ઉત્કર્ષ માટે તુકારામે આજીવન પરમાર્થની પરબ ચાલુ રાખી.

ત્રણસો વર્ષ પછી આજે પણ અસંખ્ય ભાવિકોના મન પર માનવપ્રેમી સંત તુકારામનો પુણ્યપ્રભાવ નિરંતર પ્રચલિત રહ્યો છે. એટલે જ જ્યાં વૈષ્ણવોની વસતિ હશે, જ્યાં ભગવાનની કથા ચાલતી હશે. અને જે ઠેકાણે જનકલ્યાણની પ્રવૃત્તિ વેગળંતી હશે, ત્યાં તુકારામના યશઃ શરીર તથા અક્ષર અભંગોની ફોરમ ફેલાતી જ રહેશે.

શ્રી આનંદશંકર બાપુભાઇ ધ્રુવ સ્મારક સર્વધર્મ દર્શન પ્રકાશન ટ્રસ્ટ અંતર્ગત

પ્રાપ્ય પુસ્તકો

સંત શ્રેણી

૧.	મરમી સંતોનું દર્શન	જયંતિલાલ આચાર્ય	રૂા. ૨૬/-
૨.	જ્ઞાનદેવ	મૃણાલિની દેસાઇ	રૂા. ૨૩/-
૩.	શ્રી આણ્ડાળ	ઉપેન્દ્ર સાંડેસરા	રૂા. ૨૮/-
૪.	સંત તિરૂવલ્લુવર અને કુરળ	કાન્તિલાલ કાલાણી	રૂા. ૧૭-૫૦
૫.	સંત દાદુ	અનવર આગેવાન	રૂા. ૧૮/-
૬.	શંકરદેવ	ભોગીલાલ સાંડેસરા	રૂા. ૨૫/-
૭.	ગોસ્વામી તુલસીદાસ	મનુભાઇ પંચોળી	રૂા. ૩૨/-
૮.	શાહ અબ્દુલ લતીફ	સ્વ. દશરથભાઇ ઠક્કર	રૂા. ૪૦/-
૯.	સંત કબીર	જયેન્દ્ર ત્રિવેદી	રૂા. ૬૦/-
૧૦.	નરસિંહ મહેતા	દર્શના ધોળકિયા	રૂા. ૬૦/-
૧૧.	કન્ફ્યુશિયસનો નીતિ ધર્મ	રમણલાલ ચી. શાહ	રૂા. ૫૦/-
૧૨.	શ્રી રામકૃષ્ણ અને શ્રી શારદામણિ	જ્યોતિ થાનકી	રૂા. ૬૦/-

ધર્મ શ્રેણી

૧.	ખ્રિસ્તી દર્શન	ફાધર વાલેસ	રૂા. ૧૩/-
૨.	તાઓ દર્શન	રમણલાલ ચી. શાહ	રૂા. ૧૮/-
૩.	ઇસ્લામ દર્શન	સ્વ. ઇસ્માઇલભાઇ નાગોરી (પુનઃ મુદ્રિત)	રૂા. ૪૭/-

પ્રાપ્તિસ્થાન

ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય
રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ
અમદાવાદ-૧

ગ્રામોદ્ધાર મુદ્રણાલય, વલ્લભ વિદ્યાનગર